નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


સામના મિરર
ગરીબ પરીવારોને મળશે સપનાનું ઘર
૧૮૩ આવાસ માટેના ફોર્મ બહાર પાડતી મહાપાલિકા
૩ રૂમના ૫૦ અને ૧.૫ રૂમના ૧૩૩ ફ્લેટ માટે આજ થી ફોર્મ વિતરણ શરૂ કિંમત ૧૮ લાખ અને ૫.૫ લાખ


ગરીબ પરીવારોને મળશે સપનાનું ઘર૧૮૩ આવાસ માટેના ફોર્મ બહાર પાડતી મહાપાલિકા

જુઓ પેજ નં.૪

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ । Date :17 OCTOBER 2024 । THURSDAY । Page :8 । Year : 2 । Issue :170 । Price: 2/-

# ગુજરાતમાં મધરાત્રે કચ્છમાં ભૂકંપના આંચકા

ગુજરાતના કચ્છ જિલ્લામાં ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. માહિતી અનુસાર આ ભૂકંપના આંચકા મધરાત્રે લગભગ ૩ વાગ્યે અને ૫૪ મિનિટે અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર




સ્કેલ પર ૪ બતાવાઈ છે. જેના લીધે અફરા-તફરી મચી ગઇ હતી અને લોકો ઊંઘમાંથી ઊઠીને ઘરની બહાર દોડી આવ્યા હતા. અત્યાર સુધી મળતી માહિતી અનુસાર ભૂકંપનું કેન્દ્ર બિંદુ કચ્છના ખાવડાથી લગભગ ૪૭ કિ.મી. ઉત્તરપૂર્વમાં બતાવાઈ રહ્યું છે. જોકે અત્યાર સુધી આ ભૂકંપને કારણે કોઈ મોટાપાયે નુકસાન કે જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.



# ચેન્નઈમાં સતત બીજા દિવસે વરસાદનો કહેર, સ્કૂલ-કોલેજો બંધ

ચેન્નઈમાં મુશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા છે. ગઈકાલ સવારથી પડી રહેલો વરસાદ સતત વરસી રહ્યો છે. અમુક વિસ્તારોમાં ઘૂંટણસમા તો અમુક વિસ્તારોમાં કેડસમા પાણી ભરાઈ ગયા છે. મેડલી સબવે અને મામ્બલમ વિસ્તાર સહિત શહેરના ઘણાં વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.રસ્તાઓ અને ધોરીમાર્ગો પર પાણી ભરાવાથી બસો અને લોકલ ટ્રેનો સહિત જાહેર પરિવહન માટે સમસ્યા સર્જાઈ છે. ઘણાં વિસ્તારોમાં વીજળી ગુલ થઈ જતાં અંધકાર છવાયો છે.હવામાન વિભાગે ૧૭ અને ૧૮ ઓક્ટોબરે રાજ્યના અનેક ભાગમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે અને ભારે વરસાદની ચેતવણી આપી છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને અને નાયબ મુખ્યમંત્રીએ પરિસ્થિતિની સમીક્ષા કરી છે. વરસાદની સ્થિતિ અંગે ઉદયનિધિ સ્ટાલિને મંગળવારે જણાવ્યું હતું કે, ‘છેલ્લા ૨૪ કલાકમાં ચેન્નાઈમાં લગભગ ૫ સે.મી. સરેરાશ વરસાદ નોંધવામાં આવ્યો છે. પરિસ્થિતિ મોટાભાગે નિયંત્રણમાં છે. સૌથી વધુ વરસાદ શોલિંગનલ્લુર અને તેયનામપેટમાં છે. લગભગ ૬ સેમી જેટલો વરસાદ તેયનામપેટમાં નોંધાયો છે. ચેન્નઈના કોઈપણ વિસ્તારમાં પાવર કટ નથી.’

ભારે વરસાદના કારણે આઠથી વધુ વૃક્ષો પડી ગયા છે. NDRF અને SDRFની ૨૬ ટીમો ચેન્નઈ અને તમામ દરિયાકાંઠાના વિસ્તારોમાં તહેનાત કરવામાં આવી છે. ચેન્નાઈના ૨૨ સબવેમાંથી બે સબવેમાં પાણી ભરાઈ ગયા છે અને વાહનવ્યવહાર બંધ ખોરવાઈ ગયો છે.

ભારે વરસાદને કારણે ગંભીર સુરક્ષા સ્થિતિને ટાળવા તમિલનાડુ સરકારે ચેન્નઈ, તિરુવલ્લુર, કાંચીપુરમ અને ચેંગલપટ્ટુ સહિત ચાર જિલ્લાઓમાં શાળાઓ અને કોલેજોમાં જાહેર રજા આપવામાં આવી છે. ખાનગી ઓફિસોને પણ કર્મચારીઓને ઘરેથી કામ કરવા અથવા ઓછામાં ઓછા લોકોને ઓફિસે બોલાવવા અપીલ કરાઈ છે.

## ૧૦ વર્ષ બાદ જમ્મુ કાશ્મીરમાં ચૂંટાયેલી સરકાર ઈન્ડિયા ગઠબંધને એકતાનો શો કર્યો

# જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી પદે શપથ લેતા ઉમર અબ્દુલ્લા




શ્રીનગર, તા.૧૬

જમ્મુ કાશ્મીરમાં ૧૦ વર્ષના લાંબાગાળા બાદ ફરી એક વખત ચૂંટાયેલી સરકારે સત્તા સંભાળી છે. હાલમાં જ અહીં યોજાયેલી ધારાસભાની ચૂંટણીમાં બહુમતિ મેળવનાર નેશનલ કોન્ફરન્સના મુખ્યમંત્રી તરીકે ઉમર અબ્દુલ્લાએ શપથ લીધા હતા.

જમ્મુ કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજસિંહાએ મુખ્યમંત્રી તરીકે ઉમર અબ્દુલ્લાએ શપથ લેવડાવ્યા હતા અને બાદમાં નાયબ મુખ્યમંત્રી તરીકે જમ્મુ વિસ્તારના સુરીન્દર ચૌધરીને શપથ લેવડાવ્યા હતા. તેઓ નૌશેરામાંથી ભાજપના ધરખમ નેતા રવિન્દ્ર રૈનાને હરાવીને ચૂંટાયા છે તો અબ્દુલ્લા મંત્રી મંડળમાં કુલ ૬ સભ્યોએ શપથ લીધા છે.

જો કે રાજયમાં ચૂંટણી સમયે ગઠબંધના સાથીદાર કોંગ્રેસના કોઇ ધારાસભ્યને મંત્રી મંડળમાં સમાવેશ થયો નથી. રાજયમાં રાષ્ટ્રપતિ શાસન હટાવી લેવાયા બાદ સરકારની રચનાની કામગીરી પૂર્ણ થઇ છે. કોંગ્રેસે દાવો કર્યો કે જ્યાં સુધી જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળી નહીં જાય ત્યાં સુધી અમે સરકારમાં જોડાશું નહીં. આજે શપથવિધિમાં કોંગ્રેસના વરિષ્ઠનેતા અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી ઉપરાંત કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગે, કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી, નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લા, સમાજવાદીના વડા અખિલેશ યાદવ, આમ આદમી પાર્ટીના સંજયસિંહ, પૂર્વ મુખ્યમંત્રી પીડીપીના વડા મહેબુબા મુફતી ઉપરાંત સામ્યવાદી પક્ષના નેતા ડી. રાજા પણ સામેલ થયા હતા.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# હિંસાગ્રસ્ત બાંગ્લાદેશ




ભારત માટે બાંગ્લાદેશ નવી સમસ્યા બનીને આવ્યો છે. બાંગ્લાદેશમાં લઘુમતી કોમ હિન્દુઓ ભગાડવામાં આવી રહ્યા છે.

ભારત માટે કમનસીબી એ વાતની છે કે બાંગ્લાદેશમાં વસતા હિન્દુઓની મદદે જઇ શકાતું નથી. ભારત સખત્ત વિરોધ નોંધાવે છે પરંતુ બાંગ્લાદેશ ગાંઠતું નથી. બાંગ્લાદેશમાં ચાલી રહેલો હિન્દુ વિરોધી હિંસાચાર કોના ઇશારે ચાલે છે તે પણ કોઇ સમજી શકતું નથી. બાગ્લાદેશનું શાસન અમેરિકાના ઇશારે ચાલે છે કે ચીનના તે જાણી શકાતું નથી પરંતુ જે રીતે બાંગ્લાદેશમાં હિંસા અટકવાનું નામ નથી લેતી તે જોતાં એમ લાગે છે કે કોઇ મહાસત્તાનો દોરી સંચાર પડદા પાછળથી થઇ રહ્યો છે.

બાંગ્લાદેશના વર્તમાન શાસક પણ હિન્દુ વિરોધી હિંસક તોફાનો અટકાવી શકતા નથી તે દેખાઇ આવે છે. બાંગ્લાદેશના લોકો સ્થાનિક હિન્દુઓની હત્યા કરતાં કરતાં ભારત વિરોધી બની ગયા છે. બાંગ્લાદેશમાં ભારત વિરોધી સૂર લોકોને અકળાવી રહ્યા છે કેમકે ભારતના કારણેતો બાંગ્લાદેશનો જન્મ થયો છે.

વર્તમાનમાં વચગાળાની સરકારનું નેતૃત્વ ૮૫ વર્ષના ડો.મોહમ્મદ યુનુસ સહીત ૧૧ સલાહકારો પાસે છે. આ વચગાળાના ચહેરાઓએ ગઇ ૮ ઓગષ્ટે હોદ્દાના શપથ લીધા હતા. દરેકને હતું કે નવી સરકાર આવશે એટલે હિંસા અટકી જશે અને ટૂંક સમયમાં નવેસરથી ચૂંટણીઓ જાહેર કરાશે.

પરંતુ બાંગ્લાદેશના હિંસક તત્વોએ કાયદાની ઐસી તૈસી કરીને હિન્દુઓને ટાર્ગેટ બનાવે રાખ્યા હતા. સોશ્યલ નેટવર્ક પર હિન્દુઓની હત્યા કરતા વિડીયો ભલભલાને હચમચાવી નાખે એવા છે. બાંગ્લાદેશમાં હિન્દુઓને ટાર્ગેટ બનાવવા પાછળનું એક કારણ ત્યાં વસતા પાકિસ્તાનના લોકો પણ હોઇ શકે છે.

વર્ષોથી બાગ્લાદેશમાં રહેતા હિન્દુઓએ કલ્પ્યું પણ નહોતું કે તેમને મારીને ભગાડવામાં આવશે. બાંગ્લાદેશમાં વસતા હિન્દુઓની સાચી પરિસ્થિતિ જાણી શકાતી નથી. સોશ્યલ નેટવર્ક જે ચિત્રણ કરે છે તેના પરથીજ અનુમાન બાંધી શકાય છે.પરંતુ હવે એવું લાગી રહ્યું છેકે બહુ વ્યૂહાત્મક રીતે હિન્દુઓને ડરાવીને ભગાડવામાં આવી રહ્યા છે. દુર્ગા પૂજાના મંડપો પર હુમલા કરીને તોફાનીઓ ડર ફેલાવી રહ્યા છે. વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશના શાસકોને કહ્યું છે કે તોફાનીઓ સામે પગલાં લો અને હિન્દુઓ પર થતા હુમલા અટકાવો. માનવઅધિકાર પંચના સમર્થકો કાશ્મીરમાંના હિંસાચારને સંયુક્ત રાષ્ટ્ર સઘમાં ઉઠાવતા હોય છે પરંતુ બાંગ્લાદેશમાં ચાલતા હિન્દુ વિરોધી હિંસાચાર સામે કોઇ કશુંજ બોલવા તૈયાર નથી. મા-કાલીના મુગટની ચોરીની ઘટના હિન્દુઓ માટે બહુ ખળભળાટ મચાવનારી છે. હિન્દુઓમાં ડર ફેલાવવાજ તોફાનીઆએ મુગટની ચોરી કરી છે. આ મુગટ સોને મઢેલો છે અને ૨૦૨૧માં ભારતના વડાપ્રધાન બાંગ્લાદેશ ગયા ત્યારે ભેટ આપ્યો હતો.

આ મુગટની ચોરી સીસીટીવીમાં કેદ પણ થઇ છે. બાંગ્લાદેશના તોફાની તત્વોને વચગાળાની સરકાર પકડી શકી નથી. અહેવાલો પ્રમાણે ૧૫-૨૦ લોકોની ધરપકડ કરાઇ છે પરંતુ તે ભારતને બતાવવા માટે છે કે અમારે ત્યાં કાયદાનું શાસન છે. બાંગ્લાદેશમાં આજે ભલે હિન્દુ વિરોધી હિંસાચાર જોવા મળતો હોય પરંતુ આખો દેશ આંતરવિગ્રહ તરફ ખેંચાઇ રહ્યો છે.

# બિહારમાં લઠ્ઠાકાંડ સાતના મોત મૃત્યુઆંક વધવાનો ભય

### સારણના ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિના ઝેરીલી શરાબ પીધા બાદ ટપોટપ લાશ ઢળવા લાગી હોસ્પિટલોમાં સારવાર માટે કતાર



પટણા, તા.૧૬

બિહારમાં શરાબબંધી વચ્ચે પણ સર્જાયેલા લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા છે અને હજુ વધુને વધુ લોકો સારવાર માટે હોસ્પીટલ પહોંચી રહ્યા છે જેના કારણે મૃત્યુઆંક ઉંચો જવાની શક્યતા છે. રાજ્યના સારણંગ જિલ્લામાં આ લઠ્ઠાકાંડ સર્જાયો છે.

શિવાન મેડીકલ કોલેજ હોસ્પિટલમાં ઓછામાં ઓછા ૨૫ થી ૩૦ લોકોને દાખલકરવામાં આવ્યા છે. આ વિસ્તારમાં ભગવાનપુર હાટમાં ગઇરાત્રે ઝેરીલા શરાબ પીધા બાદ સંખ્યાબંધ લોકોને અસર થઇ હતી જેમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયા હતા અને હજુ ઓછામાં ઓછા હજુ ૧૦ થી ૧૫ લોકો સારવારમાં છે.

પોલીસના જણાવ્યા મુજબ ઝેરીલા શરાબ માટે ગ્રામીણ વિસ્તારમાં દરોડા શરુ કરાયા છે. બિહારમાં શરાબબંધી બાદ પણ ગેરકાનૂની રીતે મોટાપાયે શરાબ વેચાતો હોવાનું બહાર આવ્યું છે.

# ઘઉં - ચણા સહિત છ રવિ પાકનાં ટેકાના ભાવમાં મોટો વધારો કરતી મોદી સરકાર



નવી દિલ્હીઃકેન્દ્રીય કેબીનેટની બેઠકમાં ઘઉ તથા જવ સહીત છ રવિપાક માટે ટેકાના નવા ભાવની જાહેરાત કરવામાં આવી છે. ઘઉંના ટેકાના ભાવની પ્રતિ કવીન્ટલ રૂ.૧૫૦ નો વધારો થયો છે તે જવના ટેકાના ભાવમાં રૂ.૧૩૦ નો વધારો થયો છે.

ચણાના ભાવમાં રૂ.૨૧૦, મસુરની દાળનાં ભાવમાં રૂ.૨૭૫ અને રાયડાના ટેકાના ભાવ ૩૦૦ તથા સુર્યમુખીનાં ટેકાના ભાવમાં રૂ.૧૪૦ પ્રતિ કવીન્ટલથી અપાયા છે. આજે કેબીનેટના આ નિર્ણયથી જાહેરાત રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કરી હતી. આમ સરકારે રવિ સીઝનનાં પ્રારંભ પૂર્વે જ આ ભાવ વધારો કર્યો છે. ૨૦૨૫-૨૬ ની સીઝનમાં આ ભાવ લાગુ થશે.

કેન્દ્ર સરકારે બુધવાર, ૧૬ ઓક્ટોબરે ૬ રવિ પાકોના લઘુત્તમ ટેકાના ભાવ ()માં વધારો કર્યો હતો. સૌથી વધુ વધારો સરસવ અને તેલીબિયાંમાં રૂ.૩૦૦ કરવામાં આવ્યો છે. ઘઉંના ભાવમાં પ્રતિ ક્વિન્ટલ ૧૫૦ રૂપિયાનો વધારો થયો છે. આ રીતે ઘઉંનો લઘુત્તમ ટેકાનો ભાવ ૨,૪૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયો છે. જવ, ચણા, મસૂર અને કુસુમના માં પણ વધારો કરવામાં આવ્યો છે. કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રવિ પાકની વાવણી ચોમાસુ પુર્ણતાના આરે હોય ત્યારે (ઓક્ટોબર-નવેમ્બર) કરવામાં આવે છે. આ પાક સામાન્ય રીતે એપ્રિલમાં ઉનાળાની ઋતુમાં લેવામાં આવે છે.( આ પાકોને વરસાદની બહુ અસર થતી નથી. મુખ્ય રવિ પાકો ઘઉં, ચણા, વટાણા, સરસવ અને જવ છે. લઘુત્તમ ટેકાના ભાવ એ ખાતરીપૂર્વકની કિંમત છે જે ખેડૂતોને તેમના પાક માટે મળે છે. ભલે તે પાકના ભાવ બજારમાં ઓછા હોય.

# દિલ્હીમાં શિયાળાના પગરણ ૧૦ દિ વ્હેલા શરૂ થઇ ગયા તાપમાન નીચે સરક્યું

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાંથી નૈઋત્ય ચોમાસાની વિદાય સાથે જ શિયાળાના આગમનના એંધાણ વર્તાવા લાગ્યા હોય તેમ પાટનગર દિલ્હીમાં વાતાવરણ ઠંડુગાર બની ગયું હતું. શિયાળો નિર્ધારિત સમય કરતાં ૧૦ દિવસ ગાઉ જ ચમક દેખાડવા લાગ્યો હોવાનું ચિત્ર ઉપસ્યું હતું. ન્યુનતમ તાપમાન ૧૭ ડીગ્રીએ સરક્યું હતું જે સરેરાશથી નીચુ હતું અને વધુ ઘટવાની સંભાવના દર્શાવવામાં આવી છે. પાટનગર દિલ્હીમાં ચોમાસાનો વરસાદ ડબલ થઇ ગયા બાદ શિયાળાનો આગાઝ પણ ૧૦ દિવસ વ્હેલો થઇ ગયો છે. આ પૂર્વે ૨૦૧૮માં શિયાળાનું વ્હેલું આગમન થયું હતું. હવામાન વિભાગના કહેવા પ્રમાણે હવે ૨૧ ઓક્ટોબર સુધી ન્યુનતમ તાપમાન ૧૬-૧૭ ડીગ્રી તથા મહત્તમ તાપમાન ૩૩ થી ૩૪ ડીગ્રી આસપાસ રહી શકે છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.17/10/2024 THURSDAY


# ગુજરાતમાં દેશનું પ્રથમ આધુનિક બુલેટ ટ્રેન સ્ટેશન બનશે

## મુસાફરો માટે તમામ સુવિધા બેસ્ટ આર્કીટેક્ચરલ વર્ક સાબરમતીના ઐતિહાસિક મહત્વના થશે દર્શન

અમદાવાદ, તા.૧૬

ભારતમાં રેલવે બુલેટગતિએ ઝડપથી વિકાસ કરી રહી છે. પહેલા વંદે ભારત પછી અમૃત ભારત એક્સપ્રેસ શરૂ થઈ, આ પછી બીજી ઘણી ટ્રેનો શરૂ થઈ. હવે ટ્રેન પણ થોડા વર્ષોમાં ભારતમાં આવવાની છે. ત્યારે હવે ઝડપથી તેના સ્ટેશન પર પણ કામ ચાલી રહ્યું છે.



સ્ટેશનને આધુનિક અને સારી સુવિધાઓથી સજ્જ કરવામાં આવી રહ્યું છે, જેથી મુસાફરોને સ્ટેશન પર ટિકિટ, વેઈટિંગ કાઉન્ટર, બિઝનેસ ક્લાસ લાઉન્જ, નર્સરી, શૌચાલય અને માહિતી રૂમ જેવી દરેક સુવિધા મળી શકે.

આ સ્ટેશનની ખાસ વાત એ હશે કે તે અન્ય સ્ટેશનોથી બિલકુલ અલગ અને સુંદર હશે. બુલેટ ટ્રેનના કુલ ૧૨ સ્ટેશનો પર ૯૦ એસ્કેલેટર પણ લગાવવામાં આવશે, જેથી મુસાફરોને તેમના સામાન સાથે સીડી પર ચઢવા અને ઉતરવામાં કોઈ સમસ્યા ન થાય.

હાઈ સ્પીડ રેલ મલ્ટિમોડલ હબ સાબરમતી રેલવે સ્ટેશનો, મેટ્રો સ્ટેશન, નિર્માણાધીન સાબરમતી બુલેટ ટ્રેન સ્ટેશન અને બસ રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ સાથે અવિરત જોડાણ પ્રદાન કરવા અત્યાધુનિક ઈમારત છે. આ આઈકોનિક માળખું મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનો અભિન્ન ભાગ છે, જેનું અમલીકરણ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ માળખાની અગ્રભાગમાં સ્ટેનલેસ સ્ટીલથી બનેલા વિશાળ ભીંતચિત્રને દર્શાવવામાં આવ્યું છે, જે દાંડી માર્ચ ચળવળને દર્શાવે છે, જે દેશના ઈતિહાસમાં સાબરમતીને ઐતિહાસિક મહત્વ આપે છે.

હબ બિલ્ડિંગમાં ત્રીજા માળના સ્તરે સૌંદર્યલક્ષી રીતે આનંદદાયક કોનકોર્સ છે, જે પેસેન્જર્સ માટે વેઈટિંગ લાઉન્જ, રિટેલ વિકલ્પો અને રેસ્ટોરાં જેવી સુવિધાઓ પૂરી પાડે છે.

બ્લોક એ ઓફિસની જગ્યાઓ માટે કોન્કોર્સથી છ માળ ઉપર અનામત રાખે છે જ્યારે બ્લોક બી, ચાર માળ સાથે, રૂમ, બેન્ક્વેટ હોલ, કોન્ફરન્સ રૂમ, સ્વિમિંગ પૂલ અને રેસ્ટોરન્ટ સાથે હોટલ સુવિધાને સમાવવા માટે બનાવવામાં આવ્યો છે. સમર્પિત પિક-અપ અને ડ્રોપ-ઓફ ખાડીઓ, તેમજ ૧૩૦૦ જેટલા વાહનોને સમાવવા માટે સક્ષમ પૂરતી પાર્કિંગ જગ્યા એક વધારાની સુવિધા હશે. આ હબમાં ટેરેસ પર સોલાર પેનલ્સ, વિસ્તૃત લેન્ડસ્કેપ ટેરેસ અને બગીચાઓ, ઊર્જા-કાર્યક્ષમ ફિક્સચર્સ, કુદરતી પ્રકાશની વિપુલતા, રહેવાસીઓને આસપાસના મનોહર દ્રશ્યો પ્રદાન કરવા જેવી ગ્રીન બિલ્ડિંગ સુવિધાઓનો સમાવેશ થાય છે. ડિઝાઈન ઈકો-ફ્રેન્ડલીનેસ અને ઊર્જા કાર્યક્ષમતાને પ્રાથમિકતા આપે છે. ટૂંકમાં, હાઈ સ્પીડ રેલ મલ્ટિમોડલ હબ માત્ર એક પરિવહન કેન્દ્ર તરીકે જ નહીં, પરંતુ એક ચોકસાઈપૂર્વક આયોજિત આર્કિટેક્ચરલ અજાયબી તરીકે ઉભરી આવ્યું છે, જે ભારતમાં આધુનિક પરિવહન માળખાની પરિદ્રશ્યને પુનવ્યાખ્યાયિત કરવા માટે કાર્યક્ષમતા, ઐતિહાસિક મહત્વ અને સ્થાયી પદ્ધતિઓને સંકલિત કરે છે.

## કેન્દ્રીય કેબીનેટનો નિર્ણય ચાલુ માસના પગારમાં જ અસર મળી જશે

# દિપાવલી ભેટ કેન્દ્રનાં કર્મચારીઓનાં ડીએમાં 3% નો વધારો

### હવે મોંઘવારી ભથ્થુ ૫૩% મળશે પેન્શનરોને પણ લાભ ; ગુજરાત સરકાર પણ નિર્ણયને અનુસરશે નવેમ્બરનાં પગારથી ડી.એ.વધારો




નવી દિલ્હી.તા.૧૭

દિપાવલીનાં તહેવારો નજીક આવતા જ મોદી સરકારે કેન્દ્ર સરકારનાં લાખો કર્મચારીઓ તથા પેન્શનરોને ડીએ વધારો કરીને હેપ્પી દિપાવલી કર્યુ છે. આજે મળેલી કેન્દ્રીય કેબીનેટની બેઠકમાં કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં ૩ % નો વધારો કરવામાં આવ્યો હતો જેથી હવે ડીએ વધીને ૫૩% થયુ છે અને તે જુલાઈ ૨૦૨૪ થી અમલી બનશે જેથી હવે દિવાળીનાં પગાર સાથે આ ડીએ વધારો મળી જશે.સરકાર દર વર્ષે બે વખત જાન્યુઆરી-જુન અને જુલાઈ-ડીસેમ્બરમાં મોંઘવારી ભથ્થામાં વધારો કરે છે અને હાલ ૫૦% ના ધોરણે ડી.એ. મળે છે જે હવે ૫૩ ટકા થઈ જશે જેનો લાભ કેન્દ્રનાં ૧ કરોડ કર્મચારીઓ તથા પેન્શનરોને મળશે અને જુલાઈ-ડીસેમ્બરનાં છ માસ માટે આ વધારો અમલી રહેશે. અગાઉ કેન્દ્ર સરકારે માર્ચ માસમાં ડી.એ.માં ૪% નો વધારો કર્યો હતો કેન્દ્ર સરકારનાં કર્મચારીઓના બેઝીક પગારનાં આધારે ડીએ નિશ્ચિત થાય છે અને તે તેથી આ ડીએ વધારાથી કર્મચારીઓને બેઝીક પગારનાં ૫૩% ડીએ મળશે અને ભવિષ્યમાં આ ડીએ ૫૦ ટકાથી વધુ જાય તો મુળ પગારમાં એટલે કે બેઝીક પગારમાં ભેળવી દેવાની ફોર્મ્યુલા જેનો જોકે અમલ થશે કે કેમ તે હજુ નિશ્ચિત નથી.

કેન્દ્રે ડીએ વધારતા હવે રાજ્ય સરકારનાં કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં વધારો થશે ગુજરાતમાં હવે દિવાળી બાદ નવેમ્બરનાં પગારમાં તેની અસર આપવામાં આવે તેવી ધારણા છે અને કર્મચારીઓને એરીયર્સ મળશે.

# ગરીબ પરીવારોને મળશે સપનાનું ઘર

## ૧૮૩ આવાસ માટેના ફોર્મ બહાર પાડતી મહાપાલિકા

### ૩ રૂમના ૫૦ અને ૧.૫ રૂમના ૧૩૩ ફલેટ માટે આજ થી ફોર્મ વિતરણ શરૂ કિંમત ૧૮ લાખ અને ૫.૫ લાખ

**૧૬/૧૧ સુધી ફોર્મ ભરી શકશે, ફોર્મ તેમજ ફોર્મની ફી અને ડીપોઝીટ ભરવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન માધ્યમથી જ રહેશેઃ ઓનલાઇન ફોર્મ ફી રૂ.૫૦ રહેશે તેમજ નિયમાનુસાર ડીપોઝીટ ભરપાઇ કરવાની રહેશે**

રાજકોટ,તા.૧૭

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી રહેલ એમઆઈજી કેટેગરીના ૫૦ આવાસો તથા ઈડબ્લ્યુ એસ-૨ કેટેગરીના ૧૩૩ આવાસો માટે આજથી તા.૧૭થી તા.૧૬/૧૧ સુધી ફોર્મ ભરી શકશે.

ફોર્મ તેમજ ફોર્મની ફી અને ડીપોઝીટ ભરવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન માધ્યમથી જ રહેશે તેમ મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને હાઉસીંગ સમિતિ ચેરમેન નીતિનભાઈ રામાણીએ જણાવ્યું હતું. આ ફોર્મ વેબસાઇટ WWW.RMC.GOV.IN પર જઈ ઓનલાઇન ફોર્મ ભરી શકાશે.

ઓનલાઇન ફોર્મ ફી રૂ.૫૦ રહેશે તેમજ નિયમાનુસાર ડીપોઝીટ ભરપાઇ કરવાની રહેશે. ફોર્મ તેમજ ફોર્મની ફી અને ડીપોઝીટ ભરવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન માધ્યમથી જ રહેશે. આ વખતે પણ ઘણી જુની સાઈટના ફલેટ માટે ફરી ફોર્મ બહાર પાડવામાં આવ્યા છે.એમઆઈજી કેટેગરીમાં ત્રણ બીએચકે, ૬૦ ચો.મી જગ્યામાં રૂ૧૮ લાખનો ભાવ રહેશે.અને પરિવારની આવક મર્યાદા રૂ.૬થી ૭.૫૦ લાખ રહેશે.ઈડબ્લ્યુએસ-૨માં ૧.૫ બીએચકે, ૪૦ ચો.મી.આવાસની કિંમત ૫.૫ લાખ અને આવક મર્યાદા રૂ.૩ લાખ રહેશે. ફોર્મ ભરતી વખતે કોઇ ટેકનીકલ ઇસ્યુ ઉદ્ભવે તો આવાસ યોજના વિભાગના ફોન નં. ૦૨૮૧ - ૨૨૨૧૬૧૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

સાઈટ-ફલેટની સંખ્યા

એમઆઈજી કેટેગરી હેવલોક એપા.સામે, જયભીમ નગર ૧૦, વસંત મારવેલ બાજુમાં વિમલનગર મેઈન રોડ ૭, દ્વારકાધીશ હાઈટ બાજુમાં ૧૫૦ ફુટ રોડ ૧૭, સેલેનીયમ હાઈટ્સની સામે,મવડી પાળ રોડ ૧૬. કુલ ૫૦ ઈડબ્લ્યુ એસ-૨ વાવડી, પુનીતનગર ટાંકા સામે ૫૩, મવડી સેલેનીયમ હાઈટ્સની સામે,મવડી પાળ રોડ ૩૦, કિસ્ટલ હેવન પાછળ મવડી કણકોટ રોડ ૧૬, કિસ્ટલ હેવન પાછળ મવડી કણકોટ રોડ ૩૪. કુલ ૧૩૩



# શહીદ અગ્નિવીરને સન્માન આપવા પરિવારની માગ

## ટ્રેનિંગમાં તોપગોળો ફાટતાં રાજકોટના વિશ્વરાજસિંહનું નિધન,પાર્થિવદેહને વતન લાવી સન્માન સાથે અંતિમવિધિ કરાઈ હતી

રાજકોટ,તા.૧૭

મહારાષ્ટ્રના નાશિક આર્ટિલરી સેન્ટરમાં ગત ગુરુવારે બપોરે બનેલી મોટી દુર્ઘટનામાં રાજકોટ જિલ્લાના, જામકંડોરણા તાલુકાના આચવડ ગામના વિશ્વરાજસિંહ મહિપતસિંહ ગોહિલ (ઉં.વ.૨૦) સહિત બે અગ્નિવિરના કરુણ મૃત્યુ થતા સમગ્ર તાલુકા અને જિલ્લા પંથકે શોક વ્યક્ત કર્યો હતો. મૃતક અગ્નિવીર જવાનના પાર્થિવ દેહને જામકંડોરણા રાજપૂત સમાજમાં દર્શનાર્થે રખાયા બાદ આન-બાન-શાન સાથે અંતિમવિધિ કરવામાં આવી હતી. શહીદ અગ્નિવીરના પરિવારજનોની માંગણી છે કે, તેને ૧.૬૦ લાખની સહાય મળી છે, પરંતુ તેને યોગ્ય સન્માન અને મેડલ આપી સરકાર દ્વારા ગામમાં જ શહીદ અગ્નિવીરનું સ્ટેચ્યુ બનાવી દેવામાં આવે. હજુ જો કોઈ મળવા પાત્ર સહાય કે રકમ હોય તો તે પણ આપવામાં આવે.



વિશ્વરાજસિંહના કાકા કિરીટસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, વિશ્વરાજસિંહ અમારા પરિવાર માટે હીરો હતો. પોતે અવારનવાર તેના પિતાને કહેતો કે, મારે દેશ માટે કામ કરવું છે, આર્મીમાં જવું છે. આર્મી હેડક્વાર્ટરથી અમને જાણ કરવામાં આવી હતી કે, વિશ્વરાજસિંહ ગોહિલ શાહીદ થયેલ છે. આ પછી આર્મીની ટ્રકમાં જ તેમના પાર્થિવદેહને અમારા વતન લાવવામાં આવ્યો હતો. અમારા સમાજ દ્વારા, ગામના અન્ય સમાજના આગેવાનો-લોકો તેમજ સરકાર તરફે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા, ગુજરાતના મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય જયેશ રાદડિયા અને નિવૃત સૈનિકો સહિત તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. પાર્થિવદેહને માદરે વતન લાવીને અંતિમ દર્શન બાદ આન-બાન શાન સાથે અંતિમવિધિ કરાઈ હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સરકાર તરફે અમને હાલમાં રૂપિયા ૧.૬૦ લાખની સહાય આપવામાં આવી છે. અમે અમારા દીકરાને દેશની સેવા કરવા માટે જ મોકલ્યો હતો. અમારી સરકાર પાસે એક માંગ છે કે, તેને વધુને વધુ સન્માન મળે. તેને મેડલ આપવામાં આવે અને ગામની અંદર સરકાર દ્વારા અમારા શહીદ વીરનું સ્ટેચ્યુ બનાવી આપવામાં આવે. આર્થિક રીતે પરિવાર સાધારણ છે તો શક્ય હોય તો વધુ કોઈ રકમ કે સહાય મળવા પાત્ર હોય તો તે પણ મોકલવામાં આવે તેવી અમારી માંગ છે.

આચવડ ગામે રહેતા અને ખેતીકામ સાથે જોડાયેલા મહિપતસિંહ દુદુભા ગોહિલના મોટા પુત્ર વિશ્વરાજસિંહ ગોહિલ એપ્રિલ ૨૦૨૪માં અગ્નિવીર તરીકે હૈદ્રાબાદ ખાતે સિલેકટ થયા હતા.

# મ્યુનિ.કમિશ્નર દેસાઈ જયુબિલી શાક માર્કેટની મુલાકાતે

## કચરામાંથી ખાતર બનાવવાનાં પ્લાન્ટની મુલાકાત લીધી



રાજકોટ,તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જયુબિલી ખાતે વેજીટેબલ કચરામાંથી ખાતર બનાવવા માટેનો પ્લાન્ટ કાર્યરત છે. આ પ્લાન્ટની ગઈકાલે મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈએ મુલાકાત લઈ વેજીટેબલ વેસ્ટમાંથી ખાતર બનાવવાની પ્રક્રિયા અંગે માહિતી મેળવી હતી તેમજ બાજુમાં આવેલ જયુબિલી શાક માર્કેટની પણ મુલાકાત કરી હતી.જયુબિલી ખાતેના કાર્યરત વેજીટેબલ કચરામાંથી ખાતર બનાવવાના પ્લાન્ટની મુલાકાત લઈ ખાતર બનાવવાની પધ્ધતિ વિશે માહિતી મેળવી હતી. આ પ્લાન્ટની કેપેસીટી પાંચ ટન વેજીટેબલ કચરામાંથી ખાતર બનાવવાની છે. જયુબિલી ખાતેના પ્લાન્ટમાં વેજીટેબલ કચરામાંથી ખાતર બનાવવામાં આવે છે જેમાં જયુબિલી શાક માર્કેટ, ફ્રુટ માર્કેટ અને હોકર્સ ઝોનમાંથી વેજીટેબલ વેસ્ટ પ્લાન્ટ ખાતે મોકલવામાં આવે છે અને તેમાંથી ખાતર બનાવવામાં આવે છે.આજની મુલાકાત દરમ્યાન કમિશનર દેવાંગ દેસાઈ સાથે પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજયસિંહ તુવર અને પ્લાન્ટ ખાતેના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ફાયર બ્રિગેડમાં ૩.૫૪ કરોડના વધુ ચાર વાહનો સામેલ થયા

### ૧૨ હજાર લિટરની ટેન્ક સહીતના સાધનોનું લોકાર્પણ કરતા મેયર નયનાબેન પેઢડીયા





રાજકોટ,તા.૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ફાયર વિભાગ માટે કુલ રૂ.૩.૫૪ કરોડના ખર્ચે ખરીદ કરવામાં આવેલ (૧) ૧૨કે.એલ ફોમટેન્ડર-૧ તથા (૨) ૧૨ કે.એલ વોટર બ્રાઉઝર-૩ એમ કુલ ચાર ફાયર ફાઈટર વાહનોના ફ્લેગ ઑફ(લોકાર્પણ) કાર્યક્રમ આજે નિર્મલા કોન્વેન્ટ રોડ ફાયર સ્ટેશન ખાતે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના હસ્તે યોજાયો હતો. આ ફાયર ફાઈટર વાહનમાં ૨૮ ટન GVW-BS-VI આઈસર મેઈક ચેસીસ પર ૧૨,૦૦૦ લિટર કેપેસીટીની સ્ટેઇનલેશ સ્ટીલની ટેન્ક તથા ૩૦૦૦ એલપીએમ કેપેસીટીનો હાઇપ્રેશર ફાયર ફાઈટર પમ્પ, મોનિટર તથા સંલગ્ન જરૂરીયાત મુજબ એસેસરીઝ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ ફાયર ફાઈટર વાહનોના લોકાર્પણ થવાથી ફાયર અગ્નિશામક વાહનોમાં વધારો થવાથી લોકોની સુવિધામાં વધારો થશે. આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, શિશુ કલ્યાણ અને અગ્નિશામક દળ સમિતિના ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, પ્લાનીંગ ચેરમેન ચેતનભાઈ સુરેજા, વોટર વર્કસ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, કોર્પોરેટર નરેન્દ્રસિંહ વાઘેલા, ડો.રાજેશ્રીબેન ડોડીયા, ડો.દર્શનાબેન પંડ્યા, પ્રીતિબેન દોશી, ચીફ ફાયર ઓફિસર અમિત દવે, મેનેજર રાજીવ ગામેતી, મેનેજર અને પી.એસ.ટુ મેયર વી.ડી.ઘોણીયા, સ્ટેશન ઓફિસર આનંદ બારીયા, ફાયર વિભાગના કર્મચારીઓ તથા જવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

### રાજકોટ શહેર કોંગ્રેસનો નવતર પ્રયોગ

# 'મેં હું ના' અભિયાન હેઠળ લોકોની ફરિયાદ સાંભળશે, સરકારી કચેરીઓમાં અટકતા કામો કરવામાં કરશે મદદ

રાજકોટ,તા.૧૭

રાજકોટનાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ શહેર કોંગ્રેસ લોકોની વચ્ચે રહેવા માટે સતત પ્રયાસ કરી રહી છે. જે અંતર્ગત વધુ એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં 'મેં હું ના' અભિયાન હેઠળ કોંગ્રેસનાં શહેર પ્રમુખ લોકોની ફરિયાદ સાંભળશે. તેમજ સરકારી કચેરીઓમાં લોકોના અટકતા કામો કરવામાં મદદ કરશે. આ માટે લોકો શહેર કોંગ્રેસનાં કાર્યાલય ખાતે રૂબરૂમાં અથવા પત્ર દ્વારા પણ ફરિયાદ કરી શકશે. શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી પણ સવારે અને સાંજે ત્રણ-ત્રણ કલાક હાજર રહેશે. જોકે મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને ભાજપ પ્રમુખે પણ દરરોજ લોકોને મળતા હોવાનો અને લોકોની સમસ્યા દૂર કરવા કામ કરતા હોવાનો દાવો કર્યો છે. જ્યારે મ્યુ.



કમિશનર અને કલેક્ટરે સપ્તાહમાં એક દિવસ આ કામગીરી કરવામાં આવતી હોવાનું જણાવ્યું હતું.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, હાલ ભાજપના શાસનમાં અધિકારીઓ બેફામ બન્યા છે. આ કારણે કલેક્ટર કચેરી, સિવિલ હોસ્પિટલ, શહેર પોલીસ ડિપાર્ટમેન્ટ, મહાનગરપાલિકા, બહુમાળી ભવન ઉપરાંત મામલતદાર કચેરીનાં કામો માટે પ્રજાજનોને ધક્કાઓ થતા હોય છે. અને વ્યાજબી અને જે કામો સરકારી કચેરી દ્વારા કરવાના થતા હોય છે તે સમય મર્યાદામાં કરવામાં આવતા નથી. અને લોકો તુમારશાહીનો ભોગ બનતા હોવાનું સામે આવી રહ્યું છે.

લોકોને વિવિધ સરકારી કચેરીઓમાં પોતાના કામ કરવા માટે કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે હવે કોંગ્રેસ દ્વારા નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. જેમાં કોઈપણ સરકારી કચેરીમાં લાંચિયા અને ભ્રષ્ટ અધિકારી લાંચ માંગતા હોય કે કોઈપણ કારણસર ફાઈલો ક્લિયર કરવામાં ઠાગાથૈયા કરવામાં આવતા હોય તો રાજકોટ શહેર કોંગ્રેસ લોકોની મદદ કરશે. અને લોકોને ખોટી રીતે હેરાન કરતા હોય તેવા અધિકારીઓને કાયદાનો પાઠ ભણાવવા પ્રયાસ કરવામાં આવશે. જરૂર પડ્યે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી લોકોના અટકતા કામ કરવા માટે કોંગ્રેસ કટિબદ્ધ છે.

### કમીશનની લાલચે બેંક એકાઉન્ટ ભાડે આપતાં પહેલાં વિચારજો

# રૂ.૫૦.૮૯ લાખના ફ્રોડના ગુનામાં સાયબર ક્રાઈમની ટીમે પાંચ બેંક હોલ્ડરને દબોચ્યા

**બહારના દેશમાંથી સાયબર ફ્રોડ આચરતી ગેંગ સ્થાનિક ગેંગ ઉભી કરી શ્રમિકો સહિતના એકાઉન્ટ ભાડે મેળવી રૂપીયા ટ્રાન્સફર કરાવી વિદેશ ભેગાં કરી દેતાં સાયબર ક્રાઈમની ટીમ મૂળિયા સુધી પહોંચવાની નજીક**





રાજકોટ. તા.૧૭

હવે કમીશનની લાલચે બેંક એકાઉન્ટ ભાડે આપતાં પહેલાં વિચારજો કેમ કે, સાયબર ક્રાઈમની ટીમે સાયબર ફ્રોડના ગુનામાં તળિયેથી તપાસ હાથ ધરી છે. મોરબી રોડ પર રહેતાં બેંક કર્મીએ ટેલિગ્રામમાં ટાસ્ક પુરા કરવાંની લાલચે રૂપીયા કમાવવા જતાં રૂ.૫૦.૮૯ લાખ ગુમાવ્યા બાદ સાયબર ક્રાઈમની ટીમે કમિશનની લાલચે બેંક એકાઉન્ટ ભાડે આપનાર ધોરાજી, જૂનાગઢ અને રાજકોટના ત્રણ સહિત પાંચને દબોચી તપાસનો ધમધમાટ આદર્યો હતો.

બનાવ અંગે રાજકોટમાં મોરબી રોડ પર રાજલક્ષ્મી એવેન્યુ, શેરી ન.૦૨ હાઉસ નં.૦૫, રેલ્વે ફાટકની બાજુમાં રહેતાં જયમીન ચમનભાઈ પરસાણા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે મો.નં.૯૧૮૭૩૪૯૦૪૧૨૨ ના ધારક અને અલગ અલગ બેંક ખાતા ધારકોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ કાલાવાડ રોડ પર આવેલ કોટક સેક્યુરીટીમાં નોકરી કરી પરીવારનું ગુજરાન ચલાવે છે.

તેઓ પોતાના મોબાઈલમાં વોટ્સએપ, ફેસબુક, ઈન્સેટાગ્રામ, ટેલીગ્રામ જેવી સોશીયલ એપનો ઉપયોગ કરે છે. તેમના વોટ્સએપમાં કોઈ અજાણ્યા વોટ્સએપ નં. +૯૧૮૭૩૪૯૦૪૧૨૨ થી મેસેજ આવેલ અને તે સામેવાળા વ્યક્તી દ્વારા કહેવામાં આવેલ કે, હું ગુગલમાંથી વાત કરૂ છું અને તમે સાઈડ ઈન્કમ કરવા માગતા હોય તો તમને એક ટેલીગ્રામની લીન્ક મોકલુ છું, જેમા ટાસ્ક પ્રમાણે તમને પૈસા મળશે.

જેથી ફરિયાદીએ ટેલીગ્રામ લીંક ઓપન કરી જેમા એક રીવ્યુ આપવા બાબતનો ટાસ્ક આપેલ જે પુરો કરતા સૌપ્રથમ તેમને રૂ.૨૦૧ મળેલ બાદમા બીજા હોટેલના ફાઈવ સ્ટાર રીવ્યુ દેવા બાબતે એક રીવ્યુ દીઠ રૂ.૫૦ મળશે તેમ જણાવેલ જેથી તેમના પર વિશ્વાસ બેસતા તેમના દ્વારા આપવામા આવેલ પ્રત્યેક ટાસ્ક પુરા કરતા બે વાર રૂ.૧૫૦ મળેલ હતાં. બાદ મોટા ટાસ્ક માટે રૂ.૧૦૦૦ ટ્રાંસફર કરવાનું જણાવેલ જેથી તેમના દ્વારા આપેલ યુપીઆઈ આઈડીમાં તેમના કેહવા પ્રમાણે ટ્રાન્સફર કરી આપેલ જેથી તેમના દ્વારા એક લીંક મોકલવામાં આવેલ હતી.

જે લિંક ક્રીપ્ટો કરંસીમાં રોકાણ બાબતની હતી જેમાં તેમના કેહવા પ્રમાણેનું રૂ.૧૦૦૦ નું રોકાણ કરવાથી તેમને રૂ.૧૫૨૦ મળેલ બાદ અન્ય ટાસ્ક માટે બીજી ટેલીગ્રામ લીંક મોકલેલ જેથી તેમની સાથે ટેલીગ્રામના માધ્યમથી વાતચીત કરતા હતાં. તેમજ તેમને અન્ય ટાસ્ક આપેલ જેમાં એક લીંક આપેલ જે ઓપન કરતા તેમાં એક સાઈટ ઓપન થયેલ જે ક્રીપ્ટો કરંસી બાબતની હતી. જેમાં તેમના નામનું લોગ-ઈન કરાવડાવી તેમાં બીટકોઈનમાં રોકાણ કરવાનું કહેલ.જે રોકાણ પેટે રૂ.૩૬૦૦ તેમના જણાવ્યા મુજબના યુપીઆઈ આઈડીમાં જમા કરાવેલ હતાં. જેમાં તેઓને રૂ.૫૮૫૦ પરત મળેલ બાદ સામેવાળા દ્વારા અલગ ટાસ્ક આપવામા આવેલ જેમાં રૂ.૫ હજાર ટ્રાન્સફર કરેલ જેમા પણ નજીવું રીટર્ન મળેલ જેથી સામેવાળા વ્યક્તી પર વિશ્વાસ આવી જતા તેમના કહેવા પ્રમાણેના બેંક ખાતા નંબર અને યુપીઆઈ આઈડીમાં કટકે-કટકે કરી કુલ રૂ.૫૦.૮૯ લાખ ટ્રાન્સફર કરેલ હતાં. જે બાદ તે રૂપિયાનું ફરિયાદીને કોઈ પણ પ્રકારનું રીટર્ન મળેલ નહીં તથા તેમાં નાંખેલા પૈસા પણ પરત આપેલ નહીં અને કહેલ કે, તમે હજી વધારે પૈસા ટ્રાન્સફર કરો તો તમને તમારી આ ગયેલ રકમ પરત મળી જશે જેથી તે સામેવાળા વ્યકતી પર શંકા જતા તથા તેમની સાથે થયેલ ઓનલાઈન ફ્રોડ મામલે સી.આઈ.ડી ક્રાઈમ ગાંધીનગરમાં ઓનલાઈન અરજી કરેલ હતી.

# એટ્રોસિટીની ફરિયાદમાં ફીટ કરાવી દેવાનું કહીં કારખાનેદાર પાસેથી ૧૦ હજાર પડાવી લીધા

**રાજકોટમાં રહેતા કારખાનેદાર ભુપતભાઈ ખુંટનો સંપર્ક કરી નોકરીએ રહેવાનું કહી બાદમાં ફરિયાદની ધમકી આપી**

રાજકોટ, તા.૧૭

એટ્રોસિટીની ફરિયાદમાં ફીટ કરાવી દેવાનું કહીં કારખાનેદાર પાસેથી ૧૦ હજાર પડાવી લીધા હોવાનો આક્ષેપ થયો છે. જે અંગે ગુનો દાખલ થયો છે. શાપર વેરાવળના ભાવિન રાણવા સામે અગાઉ એક મહિલાએ પણ ફરિયાદ નોંધાવી હતી. રાજકોટમાં રહેતા કારખાનેદાર ભુપતભાઈ ખુંટનો સંપર્ક કરી નોકરીએ રહેવાનું કહી બાદમાં ફરિયાદની ધમકી આપી હોવાનો આરોપ છે. ફરિયાદી ભુપતભાઈ હરજીભાઈ ખુંટ (ઉ.વ.૫૬, રહે. રાજકોટ, નહેરૂનગર સોસાયટી, શેરી નં.૧૦, ૧૫૦ ફુટ રીંગરોડ, નાના મૌવા સર્કલ પાસે)એ ફરિયાદ નોંધાવતા આક્ષેપ સાથે જણાવ્યું કે, મારે વેરાવળ (શાપર) ખાતે ચારભુજા કારખાના પાછળ ત્રિમૂર્તિ પ્લાસ્ટીક નામે પ્લાસ્ટીક બનાવવાનું કારખાનું છે. જે હાલ બંધ હાલતમાં છે. મારે હડમતાળા જી.આઈ.ડી.સી.માં પણ ક્રીએટીવ પોલીફેબ નામે કારખાનું છે. જે ચાલુ હોય ત્યાં બેસી વેપાર ધંધો કરું છું. ત્રિમૂર્તિ પ્લાસ્ટીક કારખાનું સને ૧૯૯૨ થી છે. ત્યાં શંકર ભગવાનનું મંદીર છે. જેથી મંદીરની સેવા પુજા માટે તેમજ મશીનરી પણ પડેલ હોય જેથી તેની સિક્યુરિટી માટે મનસુખભાઈ ગીણાભાઈ દુદકીયાને રાખેલ છે.

વધુમાં ભુપતભાઈએ કહ્યું કે, ગઈ તા. ૧૮/૮/૨૦૨૪ ના રોજ સવારે મને ફોન આવેલ. જેમાં સંજય નામના વ્યક્તિએ વાત કરી કે, તમારે કારખાને ગાર્ડ અને મંદિરની પૂજા માટે માણસ જોઈએ છે? મે કહ્યુ સારા માણસ હોય તો રાખવા છે. એ પછી બીજા દિવસે ભાવિન નામના વ્યક્તિનો ફોન આવેલ. તેણે સંજયભાઈએ નંબર આપ્યા તેમ કહી વાત કરેલ. કામે રહેવાનું કહ્યું. પછી તા.૨૧/૦૯/૨૦૨૪ ના રોજ ભાવિન કારખાને આવેલ. ત્યાં અગાઉ કામ કરતા ઘનશ્યામભાઈ બાબુભાઈ વ્યાસએ તેને શું કામ કરવાનું તે સમજાવ્યું. તેણે પોતાની ઓળખ આપતાં કહ્યું કે, તે ભાવિન રાણવા કુંભાર છે. મે તેને મહિને ૧૧,૦૦૦ રૂપીયા પગાર આપવાનું કહેલ. ત્યારબાદ મારે આ ભાવિન સાથે મારે કોઈ વાતચીત થયેલ નહીં. જોકે, તે જ દીવસે સાંજે સાડા પાંચ વાગ્યે મને ઘનશ્યામભાઈનો ફોન આવેલ અને મને કહેલ કે ભાવિનભાઈનો ફોન આવેલ અને કહેલ છે કે તમારા શેઠને ફોન કરતા તમારા શેઠે મને કહેલ છે કે તમે દલિત છો સેવા પુજાનું કામ તમે ન કરી શકો. તેમ કહી મને ના પાડી દીધી છે.

# ગારીડામાં ફાકી ખવડાવાનીના પાડતાં યુવક પર ત્રણ શખ્સનો છરીથી હુમલો



રાજકોટ. તા.૧૬

ગારીડામાં ફાકી ખવડાવાની ના પાડતાં દિનેશ ધરજીયા નામના શખ્સ પર ત્રણ શખ્સોએ છરીથી હુમલો કર્યો હતો. જ્યારે યુવાનને બચાવવા વચ્ચે પડેલ પિતરાઈ ભાઈને પણ આરોપીને છરીના ઘા ઝીંકતા બંનેને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બનાવ અંગે ગારીડા ગામે રહેતાં દિનેશ ધરમશીભાઈ ધરજીયા (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અરવિંદ ચના કુંભાણી, શિવા લિંબા ઝાપડીયા અને ગોરધન લિંબા ઝીંજરીયા (રહે. ત્રણેય ગારીડા) નું નામ આપતાં એરપોર્ટ પોલીસે બીએનએસ એક્ટ ૧૧૫,૧૧૮,૫૪ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેમનાં પત્ની શીતલબેન જે હાલ રીસામણે છે અને સંતાનમાં બે દીકરા છે જે પણ તેમની પત્ની સાથે રહે છે. ગઈકાલે સવારના દસેક વાગ્યાની આસપાસ તેમના ઘરેથી કામ ઉપર જવા નીકળેલ ત્યારે ગામમાં વિજયભાઈની પાનની દુકાને ફાકી ખાવા માટે ઉભો રહેલ અને ફાકી ચોળતો હતો ત્યારે ગામનો અરવિંદ કુંભાણી ધસી આવેલ અને કહેલ કે, તારી ફાકી મને ખવડાવ જેથી ફાકી ખવડાવવાની ના પાડતા તે બોલાચાલી કરી ગાળો આપવા લાગેલ હતો. બાદમાં ઉશ્કેરાઈ જઈ તેના બાઈકની ચાવીના કિચનમાં રહેલ નાની છરી વડે હુમલો કરી પીઠના ભાગે ઈજા કરી હતી. દરમિયાન ગામના ગોરધનભાઈ તેમજ શીવા દોડી આવેલ અને ઝપાઝપી કરી ઢીકાપાટુનો મૂઢમાર મારેલ હતો.

# મનપા તંત્રમાં રોકાણકારોનો અતૂટ વિશ્વાસઃ રાજકોટ મનપાનાં રૂ. ૧૦૦ કરોડના બોન્ડ ગણતરીની સેકંડોમાં ૫ ગણા ભરાયા

રાજકોટઃ રાજકોટમાં સર્જાયેલા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ મનપાની કામગીરી સામે લોકોમાં અનેક સવાલો ઉઠ્યા છે. જોકે, મનપા તંત્રમાં રોકાણકારોને અતૂટ વિશ્વાસ હોવાનું સામે આવ્યું છે. આજે રાજકોટ મહાનગરપાલિકાનાં રૂ. ૧૦૦ કરોડના બોન્ડ ગણતરીની સેકંડોમાં ૫ ગણા ભરાઈ ગયા હતા. અને રૂ. ૪૯૫ કરોડની ૧૪ જેટલી બીડ મળી હતી. આવતીકાલે બોન્ડનું એલોટમેન્ટ અને આગામી ૨૧ તારીખે લિસ્ટિંગ થશે. આ બોન્ડ દ્વારા મળેલી આવકનો રાજકોટનાં વિકાસમાં ઉપયોગ કરવામાં આવશે. પ્રાપ્ત વિગત મુજબ અમૃત મિશન-૨.૦ અંતર્ગત ઈસ્યુ કરેલા રૂ. ૧૦૦ કરોડના બોન્ડને કુલ રૂ.૪૯૫ કરોડની ૧૪ બીડ મળી હોવાનું મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દેશ અને ગુજરાતમાં સ્થાનીક સ્વરાજયની સંસ્થાએ મ્યુનિસિપલ ગવર્નન્સમાં આગવી સિદ્ધિ નોંધાવી છે. રાજકોટ



**૪૯૫ કરોડની ૧૪ બિડ મળી રોકાણકારોએ લાઈન લગાવી તા.૨૧ના રોજ લિસ્ટિંગ માત્ર ૪.૬૩ ટકા વ્યાજ ચુકવવું પડશે ૩૪૪ કરોડના વિકાસકામોમાં વપરાશે ભંડોળ**

મહાનગરપાલિકા દ્વારા તા. ૧૬-૧૦ના રોજ ઈસ્યુ કરેલ બોન્ડ ગણતરીની સેકંડોમાં સોથી નીચા વ્યાજદર ૭.૯૦%એ પાંચ ગણો ભરાઈ ગયો છે. રોકાણકારોએ મહાનગરપાલિકાની નાણાકીય સ્થિરતા પર વિશ્વાસ રાખી ઈસ્યુ ભર્યો છે, જે મનપા માટે ખૂબ જ ગર્વની વાત છે.

આ અંગે વધુ માહિતી આપતા નાયબ કમિશ્નર સી.કે. નંદાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪ના અંદાજપત્રમાં કેન્દ્ર સરકારની અટલ મિશન ફોર રેજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન યોજના અમૃત-૨.૦ અંતર્ગત મહાનગરપાલિકાએ રજૂ કરેલ રૂ.૩૪૪.૨૮ કરોડની કિંમતના પ્રોજેક્ટના ૩૫% મહાનગરપાલિકાના ફાળાની રકમ ભરપાઈ કરવાના ભાગરૂપે રૂ.૧૦૦ કરોડના બોન્ડ બહાર પાડવા કવાયત શરૂ થઈ હતી. જેમાં આજરોજ બોન્ડ ઈસ્યુ કરવાના કામ માટે આખરી ઓપ અપાયાની સાથે ઈસ્યુ ખૂલતાં રોકાણકારો જાણે રાહ જોતાં હોય તેમ ઈસ્યુ ૫ ગણો ભરાઈ ગયો છે.

આગામી ૨૧મી ઓક્ટોબરનાં રોજ આ બોન્ડનું નેશનલ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ થશે. મહાનગરપાલિકાનાં બોન્ડ થકી કેપિટલ રેઈઝ કરવામાં સફળ થઈ હોવાથી ભારત સરકાર તરફથી રૂ.૧૩ કરોડ ઈન્સેન્ટીવ મળશે. હાલ મહાનગરપાલિકાને માત્ર ૭.૯૦% ટકા વ્યાજ ચૂકવી રૂપિયા મળી રહ્યા છે. જેમાં રૂ.૧૩ કરોડના કેન્દ્ર સરકારના ઈન્સેન્ટીવ બાદ કરતા માત્ર ૪.૬૩%ના વ્યાજદર ચુકવવું પડશે. જે ફિક્સ ડીપોઝીટ કરતા પણ ઓછા વ્યાજદરે બોન્ડની રકમ મળી છે. આ તમામ કામગીરીમાં મર્ચન્ટ બેન્કર,અરેંજર તરીકે એ. કે. કેપીટલ સર્વીસ દ્વારા સફળતાપૂર્વક કામગીરી કરવામાં આવી છે.આ અંગે આજ રોજ બોન્ડ ઈસ્યુ કરવાના કામ માટે આખરી ઓપ અપાયાની સાથે ઈસ્યુ ખૂલતાં જ રોકાણકારો જાણે રાહ જોતાં હોય તેમ ઈસ્યુ ૦૫ ગણો ભરાઈ ગયો છે. ૨૧મી ઓક્ટોબર ના રોજ આ બોન્ડનું નેશનલ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટિંગ થનાર છે. મહાનગરપાલિકા બોન્ડ થકી કેપિટલ રેઈઝ કરવામાં સફળ થઈ હોવાથી ભારત સરકાર તરફથી રૂ.૧૩ કરોડ ઈન્સેન્ટીવ મેળવવાને પણ પાત્ર બની છે. મહાનગરપાલિકાને માત્ર ૭.૯૦% ટકા વ્યાજ ચુકવીને રૂપિયા મળી રહ્યા છે. જેમાં રૂ.૧૩ કરોડના કેન્દ્ર સરકારના ઈન્સેન્ટીવ બાદ કરતા માત્ર ૪.૬૩%ના વ્યાજદર ચુકવવું પડશે. જે ફિક્સ ડીપોઝીટ કરતા પણ ઓછા વ્યાજદરે બોન્ડની રકમ મળેલ છે. આ તમામ કામગીરીમાં મર્ચન્ટ બેન્કર,અરેંજર તરીકે એ.કે.કેપીટલ સર્વીસ દ્વારા સફળતાપૂર્વક કામગીરી કરવામાં આવેલ છે.

## કોઠારીયા મેઈન રોડ પરથી વેપારી ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં ઝડપાયો




રાજકોટ. તા.૧૭

કોઠારીયા મેઈન રોડ પરથી વેપારીને પીસીબીની ટીમે ઓનલાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં ઝડપી કાર્યવાહી કરી હતી.ઓલ પેનલ એક્સચેન્જ નામની આઈડી પર સટ્ટો રમતાં સતત બીજો ફંટર પકડાયો, પરંતુ બુકીનું નામ ન ખુલતાં આશ્ચર્ય ઉભું થયું હતું. દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં હેડ કોન્સ્ટેબલ કરણ મારૂ અને કોન્સ્ટેબલ વિજય મેતા, યુવરાજસિંહ સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સંજય રાંક નામનો શખ્સ કોઠારીયા મેઈન રોડ રામ ઔર શ્યામ ગોલાની બાજુમાં રોડ ઉપર પોતાના મોબાઈલ ફોનમાં આઈડી મારફતે ક્રિકેટ મેચ ઉપર રન ફેરના સોદાઓનો પૈસાની હાર-જીતનો જુગાર રમે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે બાતમીના સ્થળે દરોડો પાડી હાથમાં મોબાઈલ રાખી ઉભેલ શખ્સની અટક કરી તેનું નામ પૂછતા પોતાનું નામ સંજય છગન રાંક (ઉ.વ.૪૦), (રહે.સત્યમપાર્ક શેરી નં.૩ ૮૦ ફુટ રોડ) હોવાનું જણાવ્યું હતું.


પોલીસે તેનો મોબાઈલ લઈ તપાસ કરતાં તેમાં ઓલ પેનલ એક્સચેન્જ નામની આઈડી સ્ક્રીનમાં જોવામાં આવેલ અને તેમાં શ્રીલંકા અને વેસ્ટઇન્ડીઝ વચ્ચેની ક્રીકેટ મેચમાં રન ફેરનો સટ્ટો રમતો હોવાનું ખુલતાં તેની ધરપકડ કરી બુકીનું નામ ખોલાવવા પૂછતાછ હાથ ધરી હતી.

## ઈક્કો ગાડીમાં પેસેન્જર ભરવા મામલે પિતા-પુત્ર પર રાજુ સોહલા સહિતના શખ્સોનો હુમલો

### ગંભીર રીતે ઘવાયેલા પિતા-પુત્રને સારવારમાં ખસેડાયા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૧૭

હોસ્પિટલ ચોક બ્રિજ નિચે ઈક્કો ગાડીમાં પેસેન્જર ભરવા મામલે પિતા-પુત્ર પર રાજુ સોહલા સહિતના શખ્સોએ ધોકા-પાઈપથી હુમલો કરતાં ગંભીર રીતે ઘવાયેલા પિતા-પુત્રને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે પારેવળા ગામમાં રહેતાં હેમતભાઈ કેશવદાસ ગોડલીયા (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાજુ સોહલા અને તેની સાથે રહેલ એક અજાણ્યાં શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ તેના પુત્ર વિવેક ગોંડલીયા ઈક્કો ગાડી નં. જી.જે.03 એચ.કે.૫૬૩૭ માં હોસ્પિટલ ચોકથી ચોટીલાના પસેન્જરના ફેરા કરી ઘર પરીવારનું ગુજરાન ચલાવે છે.



ગઈકાલે બપોરના બે વાગ્યે તેઓ ઈક્કો ગાડીમાં પસેન્જર બેસાડીને ચોટીલા જવા નીકળેલો અને હોસ્પીટીલ ચોકથી ગ્રીનલેન્ડ ચોકડીએ પહોંચતા તેમના દીકરા વિવેકનો ફોન આવેલો અને જણાવેલ કે, અહી હોસ્પીટલ ચોકમાં પેસેન્જરના ફેરા કરતો રાજુ સોહલા મને પેસેન્જર ભરવા બાબતે ગાળો આપે છે, જેથી તમે તાત્કાલીક હોસ્પીટલ આવો તેવી વાત કરતા તેઓ ઈકોમાંથી પેસેન્જર ઉતારી પરત હોસ્પીટલ ચોક ગયેલ હતાં. હોસ્પીટલ ચોકમાં રાજુ ભરવાડ તથા તેની સાથે રહેલ એક અજાણ્યો શખ્સ તેમની પાસે આવેલ અને ગાળો આપી કહેલ કે, અમારી ગાડી ભરાય પછી જ તમારે ભરવાની વચ્ચે તમારે ઈક્કોમાં પેસેન્જર ભરવા નહી તેમ કહી રાજુએ તેમને લાકડીથી મારમારેલ અને તેની સાથે રહેલ અજાણ્યા શખ્સોએ પણ લોખંડના પાઇપ ફટકાર્યા હતાં અને માથાના ભાગે કડલુ ઝીંકી દિધું હતું. દરમિયાન તેમનો પુત્ર વિવેક વચ્ચે પડતા તેમને પણ રાજુએ ધોકો ફટકારી મારમાર્યો હતો. બનાવ સ્થળે દેકારો થતાં આરોપીઓ નાસી છૂટ્યા હતાં. બાદમાં બંને પિતા-પુત્રને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# 155304

# કોર્પોરેશનની ફરિયાદો માટે નવો શોર્ટ કોડ નંબર જાહેર

## કોલ સેન્ટર અને ટોલ ફ્રી નંબરના સ્થાને ભારત સરકારના કોમન નંબરનું લોન્ચીંગ કરતી મહાપાલિકા વર્ષે પોણા ચાર લાખ ફરિયાદો નોંધાયેલ છે

રાજકોટ,તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તંત્રની ફરિયાદ નિવારણ પદ્ધતિ (કોલ સેન્ટર)માં કરવામાં આવેલ આધુનિકરણનું લોન્ચિંગ કાર્યક્રમ આજે અમીન માર્ગ સિવિક સેન્ટર ખાતે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના હસ્તે યોજવામાં આવ્યો હતો.

હાલમાં, મહાનગરપાલિકા દ્વારા વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદની નોંધણી માટે વર્ષ ૨૦૦૮ થી અમીન માર્ગ ખાતે ૨૪x૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે જેમાં વાર્ષિક ૩.૭૫ લાખ ફરિયાદ નોંધવામાં આવે છે.આ માટે મહાનગરપાલિકા દ્વારા લેન્ડલાઈન નંબર ૦૨૮૧-૨૪૫૦૦૭૭ કે જેમાં (૫ હન્ટીંગ લાઈન સામેલ છે) તેમજ ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ પર શહેરના નાગરિકો ફોન દ્વારા તેઓની મહાનગરપાલિકાની સેવાઓ અંગે ફરિયાદ નોંધાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકેલ છે.

ભારત સરકાર દ્વારા તમામ મહાનગરપાલિકાઓની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદ માટે અલગ અલગ નંબરને બદલે તમામ ફરિયાદની નોંધણી સમગ્ર દેશમાં એક જ કોમન નંબર દ્વારા કરી શકાય તેવી વ્યવસ્થા શરૂ કરવામાં આવેલ છે. આ માટે ૧૫૫૩૦૪ નંબરનો શોર્ટ કોડ અમલમાં મુકવામાં આવેલ છે.

ભારત સરકારની આ યોજનાનો અમલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. હાલમાં કોલ સેન્ટરના નંબર ૦૨૮૧-૨૪૫૦૦૭૭ તેમજ ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ના સ્થાને શોર્ટ કોર્ડ નંબર ૧૫૫૩૦૪ પરથી લોકો પોતાની મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો નોંધાવી શકશે.

સમગ્ર દેશમાં એક જ શોર્ટ કોડ નંબર ૧૫૫૩૦૪ દ્વારા મહાનગરપાલિકાઓની સેવાઓ અંગેની ફરિયાદોની નોંધણી. ઉપરોકત નંબર ૧૫૫૩૦૪ ને કેટેગરી-૧ નંબર તરીકે જાહેર કરવામાં આવેલ છે આથી તમામ ટેલિકોમ ઓપરેટરોને ફરજીયાતપણે આ સર્વિસ પ્રોવાઈડ કરવાની રહેશે.અન-રીસ્ટ્રીક્ટેડ સર્વિસ જે એસટીડી કોડ પર પણ અવેલેબલ થશે.આ ઉપરાંત કોલ સેન્ટરની હાલની સેવાઓને ડાર્ક ફાયબર દ્વારા મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન સર્વર સાથે કનેક્ટ કરવામાં આવેલ છે. આથી લોકોને ફરિયાદો નોંધાવવામાં સરળતા રહેશે.

આ ઉપરાંત મહાનગરપાલિકાની વેબસાઈટ, મોબાઈલ એપ તેમજ વોટ્સએપ ચેટબોટ દ્વારા પણ લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકે છે. આમ, હવેથી મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદ લોકો ૦૨૮૧-૨૪૫૦૦૭ અને ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ ને બદલે એક જ શોર્ટ કોડ ૧૫૫૩૦૪ નંબર ડાયલ કરી, સરળતાથી નોંધાવી શકશે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ,દંડક મનિષભાઈ રાડીયા, પ્લાનીંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, વોટર વર્કસ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, અગ્નિશામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, સમાજ કલ્યાણ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર ડો.દર્શનાબેન પંડ્યા, કોમ્પ્યુટર વિભાગના તથા કોલ સેન્ટરના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સાસણ સફારી પાર્કના સિંહનું ૪ મહિનાનું વેકેશન પૂર્ણ, આગામી એક મહિનાનું બુકિંગ ફુલ



જૂનાગઢઃ છેલ્લા ચાર મહિનાથી સાસણમાં સિંહ નિહાળવાની રાહ જોઈ રહેલા પ્રવાસીઓની આતુરતાનો આજે અંત આવ્યો છે. સિંહના મેટિંગ પિરિયડને કારણે ચોમાસાના ચાર મહિના માટે બંધ રહેતાં સાસણ સફારી પાર્ક આજથી ફરી ખુલ્લો મૂકવામાં આવ્યો છે. સફારી પાર્ક ખૂલ્યાના પ્રથમ દિવસે જ મોટી સંખ્યામાં પ્રવાસીઓ સિંહદર્શન માટે પહોંચ્યા હતા. પ્રથમ દિવસે જ પ્રવાસીઓએ એક ફૂટ દૂરથી જ સિંહનાં દર્શન કર્યાં હતાં. સિંહ જોવા માટે પ્રવાસીઓની એટલી પડાપડી થઈ રહી છે કે ૧૫ નવેમ્બર સુધીના તમામ સ્લોટ બુક થઈ ચૂક્યા છે.

એશિયાટિક લાયન એ ગીરનું ઘરેણું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સિંહની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે, જેના કારણે એશિયાટિક લાયનને નિહાળવા માટે વર્ષ દરમિયાન દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં અહીં પ્રવાસીઓ આવે છે. હાલ ગુજરાતમાં કેટલા સિંહ છે અને અહીં સિંહદર્શન માટે આવતા પ્રવાસીઓ કઈ બાબતનું ધ્યાન રાખવું એની પણ આગળ વાત કરીએ. ચોમાસા દરમિયાન સિંહનો મેટિંગ પિરિયડ રહેતો હોઈ વન વિભાગ દ્વારા ચોમાસાના પ્રારંભથી સાસણ સફારી પાર્ક પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવે છે. સિંહનું વેકેશન ૧૫ ઓક્ટોબર સુધી ચાલતું હોય છે. આજે ૧૬ ઓક્ટોબર થતાં જ સિંહનું વેકેશન પૂર્ણ થઈ ગયું છે. પ્રવાસીઓ માટે આજથી સાસણ સફારી પાર્ક ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

આ વર્ષે જૂનાગઢમાં ધોધમાર વરસાદ વરસ્યો હોઈ ગીરમાં પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી છે. પ્રકૃતિની વચ્ચે વિહરતા વનરાજને નિહાળવા પ્રવાસીઓ ખૂબ ઉત્સુક હતા. આજે પ્રથમ દિવસે જ સિંહ નિહાળવા પહોંચેલા પ્રવાસીઓનું સિંહ પણ જાણે સ્વાગત કરવા આતુર હોય એવાં દૃશ્યો જોવા મળ્યાં હતાં.

# મેટલસ્ક્રેપ પેમેન્ટમાં બે ટકા ટીડીએસનાં પરિપત્રથી ભંગારનાં ધંધાર્થીને મુશ્કેલી વધી

વેપારીઓને હજુ વધુ સમય આપવા ચેમ્બરની રજુઆત

રાજકોટ,તા.૧૭



અત્રેથી મેટલ સ્ક્રેપની ખરીદી કરનાર ભંગારના વેપારી પાસે ગુડસ એન્ડ સર્વિસ ટેકસનું રજીસ્ટ્રેશન ન હોય તો તેવા સંજોગોમાં માલ ખરીદનાર વેપારીએ રિવર્સ ચાર્જ મિકેનીઝમ હેઠળ ૧૮ ટકા જી.એસ.ટી. જમા કરાવવો પડશે. આ રીતે જમા કરાવવામાં આવેલા જી.એસ.ટી. પર ઈનપુટ ટેક્સ ક્રેડીટ પર મળી શકશે. જી.એસ.ટી.માં બોગસ બિલના માધ્યમથી ગેરકાયદેસર ઈનપુટ ટેક્સ ક્રેડીટ મેળવી લેવાના કૌભાંડને રોકવા માટે બે ટકા ટી.ડી.એસ.ની જોગવાઈ દાખલ કરવામાં આવી છે. આ નોટીફીકેશન તા. ૧૦/૧૦/૨૦૨૪ થી બહાર પાડયા પછી ૨૪ થી ૨૭ કલાકમાં જ ટીડીએસ કરવાનું શરૂ કરી દેવાની ફરજ પાડવામાં આવી રહી હોવાથી ધાતુના ભંગારના વેપાર સાથે સંકળાયેલા વેપારીઓ માટે સોદા પેટે આર્થિક લેવડદેવડ કરવી ઘણી કપરી થઇ રહી છે. તેમની પાસે ટીડીએસ રજીસ્ટ્રેશન જ નથી. તેને માટે તેમને ૧૦ થી ૨૦ દિવસનો સમય આપવો જરૂરી છે.અન્ય ધાતુના સ્ક્રેપમાં કિલોદીઠ રૂા. ૧૫ થી ૨૦ નો ગાળો રહેતો હોય છે. આમ ૧ ટને ૧૫૦૦ થી ૨૦૦૦ જ મળતા હોવાનો અંદાજ છે. આ સ્થિતિમાં ટનની કુલ કિંમત ૫૨.૨ % ના દરે ટી.ડી.એસ. કરવામાં આવે તો સોદો કરનારને મળતા નફાની રકમ કરતા ટી.ડી.એસ.ની રકમ વધી જવાની સંભાવના છે. ટી.ડી.એસ.ની રકમ વધી જાય તો વેપારી કે સોદો કરનારની વર્કિંગ કેપીટલ ડિપાર્ટમેન્ટમાં ફસાઇ જવાની સંભાવના હોય છે. સોદો કરનારે વર્કિંગ કેપીટલમાં કાયમી રીતે વધારો કરવાની ફરજ પડશે. સરકારની આ જોગવાઈ ખુબ જ ખરાબ રીતે મેટલ સ્ક્રેપના આ ધંધા ઉપર અસર કરશે અને સરકારે કશી પણ જાણ કર્યા વગર તાત્કાલિક અસરથી ૧૦ ઓક્ટોબરથી આને લાગુ કરી દીધી છે એટલે અત્યારે દરેકના આ મેટલ સ્ક્રેપના ધંધા ઠપ્પ થઈને પડ્યા છે

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



# ફાયર સેફટી ડિરેકટરની સૂચનાના કારણે શાળાઓના NOC -ઈમ્પેકટ મંજૂરી અટકી ગયા

- **નિયમોની દ્વિધાના વાંકે સરકારની યોજનાનો લાભ નહી મળેઃ શૈક્ષણિક સંસ્થાના સંચાલકોમાં દોડાદોડી**
- **ગાંધીનગરથી આવેલા માર્ગદર્શન પરથી એનઓસી કાઢવાનું બંધઃ ટીપી શાખા ફાઈલ સ્વીકારતી નથીઃ વિસંગતતા દુર કરવા કમિશ્નરનો સરકારને પત્ર**

રાજકોટ તા.૧૬ઃ રાજય સરકાર દ્વારા અનઅધિકૃત બાંધકામો નિયમબધ્ધ કરવા પાર્કિંગના દબાણોને પણ રાહત આપી દેવામાં આવી છે ત્યારે ફાયર એનઓસીના અમુક આકરા નિયમોના કારણે રાજકોટ સહિતના મહાનગરોમાં શૈક્ષણિક સંસ્થાઓ સહિતની બીન રહેણાંક મિલ્કતોની ફાઈલો સ્થગિત હાલતમાં આવી ગઈ છે. ગાંધીનગરના ફાયર સેફટી ડીરેકટર દ્વારા તમામ ફાયર ઓફિસરોને જુના બિલ્ડીંગમાં એનઓસી ન આપવા સુચના અપાયા બાદ ટીપી શાખાના હાથ બંધાઈ ગયા છે.

ગેરકાયદે બાંધકામો કાયદેસર કરવાના સરકારના નિયમોનો અમલ પણ આ સાથે અટકી ગયો છે. આથી કમિશ્નર દેવાંગ દેસાઈએ શહેરી વિકાસ વિભાગને પત્ર લખી આ પ્રશ્નનો ઉકેલ લાવવા ધ્યાન દોર્યુ છે. રાજકોટમાં શૈક્ષણિક સંસ્થાઓની આવી ૧૫૦ જેટલી ફાઈલ ટીપી અને ફાયર બ્રિગેડ વચ્ચે ધક્કા ખાઈ રહી છે.

શાળા સંચાલકો અને મનપા સુત્રોમાંથી જાણવા મળતી વિગતો મુજબ ઈમ્પેકટ ફી યોજના હેઠળ અનઅધિકૃત બાંધકામો રેગ્યુલર કરવાની પ્રક્રિયા લાંબા સમયથી ચાલી રહી છે. રહેણાંક અને બીન રહેણાંક તમામ બાંધકામોને તેનો લાભ મળે છે. ફી ભરીને આ બાંધકામ કાયદેસર કરાવી શકાય છે. છેલ્લે તો સરકારે પાર્કિંગમાં થયેલા અનઅધિકૃત બાંધકામો રેગ્યુલર કરવાના નિયમો પણ હળવા કરી દીધા છે. મોટા કોમર્શીયલ બિલ્ડીંગ, શાળા-કોલેજો, કોમ્પ્લેક્ષને તેનો લાભ થવાનો છે. પરંતુ હાલ શાળા બિલ્ડીંગોની ફાઈલો અટકી ગઈ છે.

શાળા સંચાલકો ફાયર શાખામાં જુના બાંધકામના એનઓસી માટે જાય તો તેઓને મંજુરી અપાતી નથી અને ટીપી શાખામાં મોકલવામાં આવે છે. તો ટીપી શાખા ફાયર એનઓસી વગર નવા નિયમ મુજબ ઈમ્પેકટ ફી લઈ શકતી નથી. આ અંગે વધુમાં જાણવા મળ્યા મુજબ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ફાયર સેફટીના નિયમો ખુબ આકરા બન્યા હોય પુરા રાજયમાં આવા એનઓસી મામલે ફાયર તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. ગાંધીનગરના ફાયર સેફટી ડિરેકટરે જુના બાંધકામોને એનઓસી ન આપવા સુચના આપતા કોર્પો.તંત્રના હાથ બંધાઈ ગયા છે. અગાઉ પ્રોવિઝનલ અને તે બાદ કાયમી એનઓસી અપાતું હતું. એ કામ બંધ થઈ ગયું છે.

આ સંજોગોમાં ઈમ્પેકટ યોજનાનો લાભ યોગ્ય કેસમાં મળતો રહે તે માટે કમિશ્નરે શહેરી વિકાસ વિભાગને પત્ર લખ્યો છે. ઈમ્પેકટ ફીની ફાઈલ મંજુર કરી શકાય તે પ્રકારે નિયમોની અમલવારી અંગે તેમણે સ્પષ્ટ માર્ગદર્શન માંગ્યું છે. જો આ સ્પષ્ટતા આવે તો જ ફાયર એનઓસી અને બાંધકામ રેગ્યુલર કરવાનો પ્રશ્ન હલ થઈ શકે છે. બાકી હાલ તો યોજનાની મુદતના દિવસો કપાઈ રહ્યા છે.

સંચાલકો વધુમાં કહે છે કે ફાયર તંત્રએ છેલ્લે આપેલી સુચના અંગેના નિયમોમાં જરૂર લાગે તો ફેરફાર કરવાની છે. ઈમ્પેકટ યોજનાનો મુળ હેતુ જળવાઈ રહે તે માટે તાત્કાલિક સ્પષ્ટતા અનિવાર્ય છે. ફાયર એનઓસી વગર ઈમ્પેકટ યોજનાનો લાભ શૈક્ષણિક સંસ્થાઓને મળી શકે તેમ નથી. આથી હવે રાજય સરકાર કક્ષાએ આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી વાત સરકાર સુધી પહોંચાડવામાં આવશે.

# રાજકોટમાં તા.૨૬થી એસ.ટી.ની ૨૨૦૦ એક્સ્ટ્રા દિવાળી સ્પેશ્યલ બસો દોડશે

■ **તા.૨૬ થી ૩૦ દરમ્યાન ૮૩૪૦ ટ્રીપોનું સંચાલન થશેઃ ૩.૭૫ લાખ મુસાફરોને લાભ મળશેઃ અત્યારથી જ દૈનિક એડવાન્સ બુકીંગમાં ૧૮ ટકાનો વધારોઃ સુરતથી સૌરાષ્ટ્રની ૧૯૪ બસો બુક પણ થઇ ગઇ**

(સામના મિરર, સંવાદદાતા)



રાજકોટ, તા.૧૬ઃ દિવાળીના તહેવારો હવે નજીક આવી રહ્યા છે. ત્યારે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ એસટી નિગમ દ્વારા ખાસ કરીને સુરતમાં વસતા સૌરાષ્ટ્રનાં રત્ન કલાકારો વતન આવી શકે તે માટે કુલ ૨૨૦૦ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત એસટી નિગમ દૈનિક ૮૦૦૦થી વધુ બસોના કાફલાથી ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબધ્ધ બસ સેવાઓ પુરી પાડે છે. નિગમ વિવિધ વાર-તહેવાર તથા ધાર્મિક મેળાઓમાં વધારાની એસટી બસોનું સંચાલન કરી રાજ્યની જનતાને પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવા પરિવહન સેવા પુરી પાડે છે.

રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશ અને તેમાં પણ ખાસ કરીને ભાવનગર, અમરેલી, જુનાગઢ અને રાજકોટ જિલ્લાઓમાં રત્નકલાકારો સુરતમાં નોકરી-વ્યવસાય અર્થે સ્થાયી થયેલ છે કે જેઓ દિવાળીના તહેવારમાં માદરે વતન તરફ પ્રવાસ કરે છે. મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્રવાસીઓ તથા રાજ્યની અન્ય જનતા માટે સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

નિગમના સુરત વિભાગ દ્વારા તા.૨૬ થી તા.૩૦ દરમ્યાન સૌરાષ્ટ્ર તરફના રત્ન કલાકારો, પંચમહાલ તરફના મુસાફરો તથા મહારાષ્ટ્ર તરફના મુસાફરો માટે સુરત ખાતેથી વધારાની ૨૨૦૦ બસોની વ્યવસ્થા કરેલ છે. નિગમના અન્ય વિભાગો દ્વારા પણ સમયગાળા દરમ્યાન એક્સ્ટ્રા સર્વિસોનું રાજ્યના વિવિધ રૂટો ઉપર સંચાલન હાથ ધરવામાં આવનાર છે.

સદર સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સર્વિસોનું નિગમની વિભાગીય કચેરીના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઇટ .લતર્ભિં.શક્ષ ઉપરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઇન બુકિંગનો લાભ મેળવી શકશે તથા મુસાફરોને સંચાલન સંબંધિત પૂછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. ઉલ્લેખનીય બાબત એ પણ છે કે, દિવાળી એક્સ્ટ્રા સંચાલનના આયોજનને આજથી જ બહોળો પ્રતિસાદ મળી રહેલ છે. ગત માસ કરતાં હાલમાં થઇ રહેલ દૈનિક એડવાન્સ બુકીંગમાં ૧૮ ટકાનો વધારો થવા પામેલ છે. અત્યાર સુધીમાં સુરત ખાતેથી ૧૯૪ બસોનું એડવાન્સ બુકીંગ થવા પામેલ છે.

ચાલુ વર્ષના આયોજનમાં માત્ર સુરત ખાતેથી ૨૨૦૦ બસો, દક્ષિણ મધ્ય ગુજરાતમાંથી ૨૯૦૦ બસો, સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ૨૧૫૦ બસો અને ઉત્તર ગુજરાતમાંથી ૧૦૯૦ જેટલી બસો મળી કુલ ૮૩૪૦ ટ્રીપોનું એક્સ્ટ્રા સંચાલનનું આયોજન થયેલ છે. જેના થકી અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને સલામત અને સમયસર બસની સેવાઓ પુરી પાડવાનું આયોજન છે.

# ઇન્ટરનેશનલ એરપોર્ટમાં ૨૩૨ સીટની ક્ષમતાવાળા હવાઇ જહાજનું લેન્ડીંગ; વોટર કેનનથી સ્વાગત

■ **મોટા વિમાનમાં ૧૮૭ મુસાફરોનું આગમન અને ૧૬૧નું પ્રસ્થાનઃ હવાઇ મુસાફરો રોમાંચિત થયા**

(સામના મિરર, સંવાદદાતા)



રાજકોટ, તા.૧૬ઃ રાજકોટનાં હીરાસર નજીક ઇન્ટરનેશનલ એરપોર્ટ કાર્યરત થયા બાદ સૌ પ્રથમવાર ગઇકાલે ઇન્ડિગો એર લાઇન્સનું ૨૩૨ સીટની ક્ષમતાવાળા એ-૩૨૧ વિમાનનું લેન્ડીંગ થતાં આ વિમાનનું વોટર કેનનથી સ્વાગત કરવામાં આવતા મુસાફરો રોમાંચિત થયા હતાં.

દિવાળીનાં તહેવારો નજીક આવતા ઇન્ટરનેશનલ એરપોર્ટમાં હવાઇ મુસાફરોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. સપ્તાહમાં મંગળ, ગુરૂ, રવિવારે રાજકોટ-પુના વચ્ચે ઇન્ડિગો એર લાઇન્સ ફ્લાઇટ ઉડી રહી છે. આ ફ્લાઇટ એ-૩૨૦માં ૧૮૦ મુસાફરોની કેપેસિટી છે. ગઇકાલે મંગળવારે સૌ પ્રથમવાર ૨૩૨ સીટની ક્ષમતાવાળી એ-૩૨૧ (ફ્લાઇટ નં. ૬ઇ૧૩૫)નું લેન્ડીંગ થતાં ફ્લાઇટનું વોટર કેનનથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ ફ્લાઇટમાં ૧૮૭ મુસાફરોનું આગમન થયું હતું અને ૧૬૧ મુસાફરો પુના જવા પ્રસ્થાન કર્યું હતું. ઇન્ટરનેશનલ એરપોર્ટમાં સૌ પ્રથમવાર મોટા વિમાનનું સફળતાપૂર્વક લેન્ડીંગ થતાં મુસાફરો અને એર લાઇન્સ કંપનીના કર્મચારીઓમાં આનંદ જોવા મળ્યો હતો.

તા.૧૦ સપ્ટેમ્બરે સવારે સૌ પ્રથમવાર ઇન્ડિગોની મુંબઇ ફ્લાઇ લેન્ડ-ટેક ઓફ થઇ હતી ત્યારબાદ સૌ પ્રથમવાર ગઇકાલે મંગળવારે પણ ઇન્ડિગો એર લાઇન્સની એ-૩૨૧ (૨૩૨ સીટની ક્ષમતાવાળી) ફ્લાઇટનું લેન્ડીંગ-ટેક ઓફ થયું હતું. દિવાળી તહેવારોની રજાઓમાં મુસાફરોના વધતા જતાં ટ્રાફિકને ધ્યાને લઇ એર લાઇન્સ કંપનીઓ મોટા હવાઇ જહાજો ઉતારશે. જેનો મુસાફરોને લાભ મળશે.

# અંતે સાંઢીયા પુલનો મધ્ય ભાગ તોડવા રેલ્વેની મંજૂરી આવી ગઈ

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ,તા.૧૬ઃ શહેરને જામનગર રોડથી જોડતા દાયકાઓ જુના સાંઢીયા પુલની જગ્યાએ નવા ફોરલેન ઓવર બ્રીજનું કામ મંજુર થયું છે ત્યારે જુના પુલને તોડવાની કામગીરી ચાલી રહી છે. આ દરમ્યાન રેલ્વે લાઈન ઉપરનો પુલનો ભાગ તોડવા અંતે મંજુરી આવી જતા આવતીકાલથી આ મુખ્ય ભાગ તોડવાનું કામ પણ શરૂ થઈ જશે.



પુલનો આ ભાગ ખુબ કાળજીથી તોડવાનો છે. આથી ડાયમંડ કટર મશીનરીથી આ કામ કરવા તૈયારી કરાઈ છે. આ પુલ જોખમી હોવાનો રીપોર્ટ આવ્યા બાદ કામ માટેના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. આ બ્રીજનું કુલ ખર્ચ પોણો અબજ નજીક પહોંચ્યું છે. મહાપાલિકાએ થોડા સમય પહેલા પુલ નિર્માણ માટે કોન્ટ્રાકટ આપ્યો હતો.

પરંતુ રાજકોટનો આ પહેલો એવો બ્રીજ છે કે જે જુનો પુરેપુરો તોડીને નવો બનાવવામાં આવનાર છે. બે મહિના અગાઉ જુના પુલને તોડવાનું કામ શરૂ કરાયું હતું. એરપોર્ટ ગાર્ડન તરફના ભાગે પુલ તોડવાની કામગીરી લગભગ પુરી થઈ ગઈ છે. હવે હોસ્પીટલ ચોક પાસેથી કામ શરૂ થવાનું છે. આ દરમ્યાન ટ્રેનના શેડયુલને ધ્યાનમાં રાખી રેલ્વે પાસેથી ટ્રેક ઉપરનો ભાગ તોડવા ટાઈમ સ્લોટ માગવામાં આવ્યો હતો. પરંતુ તેની મંજુરી લંબાતી હતી.

દરમ્યાન હવે રેલ્વેમાંથી સેન્ટ્રલ સ્પાન તોડવાની મંજુરી આવી ગઈ છે. ગઈકાલે વરસાદના કારણે આ ભાગ તોડવાનું કામ શરૂ થઈ શકયું ન હતું. હવે આવતીકાલે આ કામ શરૂ કરવામાં આવશે તેવું સીટી ઈજનેર અતુલ રાવલે જણાવ્યું હતું. આ સેન્ટ્રલ સ્પાન ૧૨ બાય ૧૦ મીટરનો છે. જે તોડવામાં ૧૦ દિવસનો સમય જાય તેમ છે. ડાયમંડ કટરથી આ સ્પાન તોડવાથી રેલ્વે ટ્રેકને કોઈ નુકશાન થવાનું નથી.

હવે સેન્ટ્રલ સ્પાન તોડયા બાદ હોસ્પીટલ ચોક તરફના ભાગને તોડવાનું કામ શરૂ કરાશે. એકંદરે દિવાળી બાદ આ પૂરો જુનો પુલ તોડીને નવું કામ દોડાવવામાં આવશે. હાલ એરપોર્ટ ગાર્ડન તરફના ભાગે પાયાનું કામ પણ શરૂ થઈ ગયું છે તેઉલ્લેખનીય છે.

# પાળીયાદમાં રાજ્ય લેવલનું સહકારી અધિવેશન યોજાશે

■ **ગુજરાતનું પ્રદેશ કક્ષાનું છઠ્ઠુ અધિવેશનનું ૧૯ અને ૨૦ ઓક્ટોબર શનિવાર અને રવિવારે આયોજન**

(સામના મિરર, સંવાદદાતા)

પાળીયાદ, તા. ૧૬ઃ દેશનું સહકારી ક્ષેત્રનું સૌથી મોટું સંગઠન સહકાર ભારતી દર ત્રણ વર્ષે અધિવેશનનું આયોજન કરે છે તે મુજબ ગુજરાતનું પ્રદેશ કક્ષાનું છઠ્ઠુ અધિવેશન તારીખ ૧૯ અને ૨૦ ઓક્ટોબર શનિવાર અને રવિવારના રોજ બોટાદ જિલ્લાના સુપ્રસિદ્ધ પરમ પૂજ્ય વિસામણબાપુની જગ્યામાં યોજાનાર છે. આ અધિવેશનમાં સહકાર ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ દીનાનાથજી ઠાકુર, રાષ્ટ્રીય મહામંત્રી,ઉદયજી જોષી સંગઠન પ્રમુખ સંજયજી પાંચપોર,ગુજરાત પ્રદેશ અધ્યક્ષ કાંતિભાઈ પટેલ મહામંત્રી વિનોદભાઈ બરોચીયા,સંગઠન પ્રમુખ જીવણભાઈ ગોલે,તથા હરેશભાઈ બોરીસાગર ઉપસ્થિત રહી માર્ગદર્શન આપવાના છે.

અધિવેશનમાં ગુજરાત સરકારના સહકાર મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા ગુજરાત સ્ટેટ કો ઓપરેટિવ બેન્કના અધ્યક્ષ અજયભાઈ પટેલ ગુજરાત સરકારના મંત્રી ભાનુબેન બાબરીયા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તથા ભાવનગર ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ બેંકના ચેરમેન રસિકભાઈ ભીંગરાડિયા તથા બેંકનું સમગ્ર બોર્ડ ઉપસ્થિત રહેશે

પાળીયાદ જગ્યાના પરમ પૂજ્ય શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર નિર્મળાબા તથા મુખ્ય વ્યવસ્થાપક ભયલુબાપુના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી આશીર્વચન પાઠવશે

અધિવેશન વખતે રાજકોટ મહાનગરના સહકાર ભારતી ના અધ્યક્ષ ડો. એન.ડી.સીલું ના માર્ગદર્શન હેઠળ પ્રસિદ્ધ થનાર સહકારી સોવેનીયર નું વિમોચન થનાર છે તારીખ ૧૯ /૧૦ શનિવારે રાત્રે લોકસાહિત્યનો મનોરંજનનો કાર્યક્રમ ડાયરો યોજાનાર છે અધિવેશનને સફળ બનાવવા માટે જુદી જુદી સમિતિઓની રચના કરી સહકાર ભારતી ના વિભાગ સંયોજક સવજીભાઈ શેખ,સહકાર ભારતી બોટાદ જિલ્લા પ્રમુખ ભુપતભાઈ ધાધલ, અશોકભાઈ કિકાણી, હરિરામભાઈ દેસાણી, પ્રફુલભાઈ શેઠ, મયુરભાઈ ભાટી, દક્ષેશભાઈ સોની, નયનાબેન સરવૈયા, નીપાબેન મહેતા, કનુભાઈ ખાચર તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

# રેડ ક્રોસ - ગીર સોમનાથનું મહામહિમ રાજ્યપાલના હસ્તે સન્માન



ગાંધીનગર, તા. ૧૭ઃ ગાંધીનગરના રાજ ભવન ખાતે ગુજરાત રેડ ક્રોસ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા મળેલી. જેમાં મહામહિમ રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યજીના હસ્તે તેમજ ગુજરાત રેડ ક્રોસના ચેરમેન અજયભાઈ પટેલની ઉપસ્થિતિમાં રેડ ક્રોસ - ગીર સોમનાથ જિલ્લા શાખાને ગુજરાતની ૩૩ જિલ્લા શાખાઓમાથી રેડ ક્રોસ - ગીર સોમનાથ(વેરાવળ)ને શ્રેષ્ઠ જિલ્લા શાખા તરીકેનો એવોર્ડ (રનર્સ અપ) એનાયત કરવામાં આવેલ હતો. આ પ્રસંગે રેડ ક્રોસ - ગીર સોમનાથના ચેરમેન કિરીટ ઉનડકટ, મે.કમિટીના સભ્ય ગીરીશ ઠક્કર તેમજ આર્કિટેક્ટ એન્જિનિયર રાજુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.અને તેના સંદર્ભે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ગુજરાત રેડ ક્રોસ તથા ગીર સોમનાથ રેડ ક્રોસને આર્થિક સહયોગમાં માધ્યમ બનનારા આપણા સૌના સ્નેહી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને NTPCના ડાયરેક્ટર શ્રી જીતેન્દ્રભાઈ તન્નાનુ પણ મહામહિમ રાજ્યપાલ શ્રી દેવવ્રત આચાર્યજીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

# યાત્રાધામ વિરપુરમાં કૃષિ વિભાગના અધિકારીઓ દ્વારા ચેકીંગના નામે ચાલતુ ધતિંગ !?

## ખેતીવાડીના અધિકારી દ્વારા વિરપુરમાં માત્ર એક જગ્યાએથી સેમ્પલ લઈને ચાલતી પકડી

(સામના મિરર, સંવાદદાતા)

વિરપુર, તા. ૧૬: સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ ખાતે વિરપુરમાં કૃષિ વિભાગના અધિકારીઓ દ્વારા પાક બિયારણ, જંતુનાશક દવાઓ તેમજ ફર્ટીલાઈઝર ખારતના ચેકીંગ માત્ર કાગળ ઉપર જ કરતા હોય તેવું આમે આવ્યું છે.



ખેડૂતોને જગતના તાત કહેવામાં આવે છે,પોતાની જમીનોના દિવસ રાત જોયા વગર કાળી મજુરી કરીને પાકનું ઉત્પાદન કરીને અન્ન પેદા કરે છે પરંતુ આ જગતના તાત એવા ખેડૂતોને અન્ન પેદા કરવામાં ખુબ જ મુશ્કેલીઓ સામે આવતી હોય જેમાં ખાસ કરીને બજારોમાં વેચાતા મોંઘાં ભાવના પાકના બિયારણ તેમજ જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો સહિત ખરીદ કરતા હોય ત્યારે કેટલાક એગ્રો ધરાવતાં વેપારીઓ આ બિયારણો,ખાતરો કે જંતુનાશક દવાઓ મિલાવટ વાળા કે ડુપ્લીકેટ તેમજ સર્ટિફાઇડ વગર જ વેચાણ કરતા હોય છે,જ્યારે આ બિયારણો કે જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો નબળી કોલેટીના નીકળે ત્યારે ખેડૂતોને માથે અનેક મુશ્કેલીઓ આવતી હોય છે આવા નબળી કોલેટી કે ખાતરો, દવાઓના કારણે ખેડૂતોના પાક સંપૂર્ણ પણે ફેઈલ પણ જવાની શક્યતાઓ વધી જતી હોય છે ત્યારે ખેડૂતોને માથે ઓઢીને રોવાનો વારો આવે છે પરંતુ સરકારના ખેતીવાડી વિભાગ,કૃષિ વિભાગ દ્વારા બિયારણો કે ખાતરો અથવા તો જંતુનાશક દવાઓનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં ચેકીંગ કરવાની કામગીરી કરવાની હોય છે પરંતુ ખેતીવાડી વિભાગના અધિકારીઓ માત્ર કાગળ પર જ કે એસી ઓફિસમાં બેસીને જ આવી ચેકીંગની કામગીરી કરીને સંતોષ માનતા હોય છે ત્યારે યાત્રાધામ વીરપુરમાં અનેક જંતુનાશક દવાના,પાક બિયારણના વેપારીઓ કે ખાતરના વેપારીઓનો રાફળો ફાટ્યો હોય તેમ બિલાડીની ટોપની જેમ ફૂટી નીકળ્યાં છે અનેક જગ્યાએ નબળી કોલેટીના કે સર્ટિફાઇડ વગર જ બિયારણો, ખાતરો, જંતુનાશક દવાઓનું વેચાણ થઈ રહ્યું છે જેમનો ભોગ અભણ ખેડૂતો બનતા હોય છે, સરકારશ્રીના નિયમ મુજબ બિયારણ કે જંતુનાશક દવાઓ વેચાણ કરવા માટે બીએસી એગ્રીનો અભ્યાસ કરેલ હોવો જોઈએ પરંતુ વિરપુરમાં અનેક એગ્રો ધારકો લાઈસન્સ વગર કે બીએસી એગ્રી વગર જ વેચાણ કરી રહ્યા હોવાનું જાગૃત ખેડૂતો આક્ષેપો કરી રહ્યા છે ત્યારે સરકારના ખેતીવાડી કૃષિ વિભાગનાં અધિકારીઓ ચેકીંગના નામે ધતિંગ કરતા હોય તેવું સામે આવ્યું છે કૃષિ વિભાગના અધિકારીઓને જાણે એગ્રો ધારકો સાથે સાંઠગાંઠ અને મિલીભગત હોય તેમ વિરપુરમાં બિયારણ કે જંતુનાશક દવાઓના ચેકીંગમાં માત્ર દેખાડા કરીને આંખ આડા કાન કરતા હોય તેમ માત્ર એક જ જગ્યાએ થી માત્ર રાસાયણિક ખાતરના જ સેમ્પલ લઈને સંતોષ માની ચાલતી પકડે છે તેવા જાગૃત ખેડૂતોએ આક્ષેપો કર્યા છે ત્યારે આવા ભ્રષ્ટ અધિકારીઓ અને એગ્રો ધારકો સામે તંત્ર દ્વારા ઉચ્ચકક્ષાએ આ બાબતે તપાસ હાથ ધરવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ ઉઠી છે.

ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં અનેક જગ્યાએ આવા ડુપ્લીકેટ બિયારણો કે બિન અધિકૃત ખાતરો જંતુનાશક દવાઓ સહીતના કિસ્સાઓ સામે આવે છે ત્યારે વીરપુરના એક જાગૃત ખેડૂતે જણાવ્યું હતું કે વિરપુરમાં ક્યારે પણ અમે કૃષિ વિભાગના અધિકારીઓને ચેકીંગ કરતા હોય તેમ જોયા નથી કારણકે એગ્રો ધારકો ખેતીવાડીના અધિકારીઓને બંધ બારણે માલ મલાઈ આપીને રવાના કરી દેતા હોય છે અને અધિકારીઓ માત્ર અધિકૃત દવાઓ કે ખાતરોના સેમ્પલો લઈને ચાલતી પકડે છે અને બિન અધિકૃત કે સર્ટિફાઇડ વગર જ વેપારીઓ જંતુનાશક દવાઓ અને બિયારણો ખાતરો ખુલ્લેઆમ વેચી રહ્યા છે

# ૨૩ ઓક્ટોબરની હાપા-નાહરલગુન સ્પેશિયલ ટ્રેન ન્યુ બંગાઈ ગાંવ સ્ટેશન સુધી જશે

નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના રંગીયા રેલ્વે ડિવિઝનમાં નલબાડી-બાઈહાટા સેક્શનમાં ડબલ લાઈન ની કામગીરી ના લીધે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનોને અસર થશે.

**આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો**

૧) ટ્રેન નંબર ૦૯૫૨૫ હાપા-નાહરલગુન સ્પેશિયલ ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ હાપાથી ઉપડશે અને ન્યૂ બંગાઈ ગાંવ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. આ રીતે, આ ટ્રેન ન્યુ બંગાઈ ગાંવ-નાહરલગુન વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨) ટ્રેન નંબર ૦૯૫૨૬ નાહરલગુન-હાપા સ્પેશિયલ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ નાહરલગુનના બદલે ન્યુ બંગાઈ ગાંવ સ્ટેશનથી ઉપડશે. આ રીતે આ ટ્રેન નાહરલગુન-ન્યુ બંગાઈ ગાંવ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

# નાના સમઢિયાળાની માધ્યમિક શાળાનું ખાતમુર્હુત



અહેવાલ : અબ્દુલ પઠાણ ઉના

ઉના તથા ગીરગઢડા તાલુકાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ એ ગીરગઢડા તાલુકાના નાના સમઢિયાળા ગામે રૂ.૮૦ લાખના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળાના ૪ ઓરડાઓનું લોકાર્પણ તેમજ રૂ.૨ કરોડ ૧૬ લાખનાં ખર્ચે તૈયાર થનાર માધ્યમિક શાળાના બિલ્ડિંગનું ખાતમૂહુર્ત આજરોજ ઉનાના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ગીર ગઢડા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ નાં પ્રતિનિધીશ્રી ભીખાભાઈ કીડેચા, સરપંચશ્રી જયદીપસિંહ ગોહિલ તેમજ આગેવાનો અને શિક્ષકગણ વિદ્યાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# મહંતસ્વામી મહારાજનાં સાન્નિધ્યમાં ગોંડલનાં અક્ષર મંદિરે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૦માં જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી





■ **પાંચ આરતીના અર્ઘ્ય વડે ગુણાતીતાનંદ સ્વામીને દેશ વિદેશથી પધારેલ સેંકડો સંતો તેમજ હજારો હરિભક્તોએ વધાવ્યા**

ગોંડલ, તા. ૧૬ઃ બી.એ.પી.એસ.ના વડા મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં અહીના શ્રી અક્ષર મંદિર ખાતે શરદ પૂનમે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૦માં જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. આજના પવિત્ર દિને મંદિરમાં સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું તેમજ મંદિર અને અક્ષરદેરીમાં ઠાકોરજી સમક્ષ ભવ્ય કેકનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વહેલી સવારથી જ ભક્તોનો પ્રવાહ અક્ષર મંદિર તરફ આવતો હતો. પૂ. મહંત સ્વામીએ શરદ પૂનમની સવારે ઉપસ્થિત સૌ ભક્તોને પ્રાતઃ પૂજા દર્શન તેમજ આશીર્વચનથી કૃતાર્થ કર્યા હતા. આજે અક્ષર મંદિરે ઠાકોરજી તેમજ મહંત સ્વામીના દર્શન કરવાં માટે દેશ-વિદેશથી હજારો હરિભક્તો પધાર્યા હતા. જેથી મંદિરનું પરિસર હજારો આબાલ - વૃદ્ધ ભક્તોથી છલકાઈ ગયું હતું. ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૦માં જન્મોત્સવે તેઓને વધાવવા સંતો - ભક્તોમાં અનેરો ઉત્સાહ જાણતો હતો. સાંજે ૫ થી ૭ દરમ્યાન દરેક ભક્તો ભાવિકો માટે ભોજન મહાપ્રસાદનું આયોજન અક્ષર મંદિર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં હજારો ભક્તોએ ભગવાનનો પ્રસાદ લઈ તૃપ્તિની અનુભૂતિ કરી હતી. મહંતસ્વામી મહારાજની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૦માં જન્મોત્સવની મુખ્ય સભાનો પ્રારંભ રાત્રે ૭ થી ૧૦ દરમ્યાન કરવામાં આવ્યો હતો. ઉત્સવ સભાનાં પ્રારંભમાં સંતોએ ધૂન-ભજનની રમજટ બોલાવી હતી. સમગ્ર વાતાવરણમાં ભક્તિનાં સ્પંદનો ગુંજી રહ્યા હતા. ગુણાતીતાનંદ સ્વામીના જીવન અને કાર્યને વિદ્વાન સંતોના વક્તવ્ય દ્વારા સાંભજનોએ માણ્યું. બાળકો અને યુવાનોએ ચોટદાર સંવાદ અને પ્રેરણાદાયી નૃત્ય દ્વારા ગુણાતીતાનંદ સ્વામીના અદ્વિતીય, આત્મીય, અમર, આનંદકારી તેમજ અક્ષરબ્રહ્મના ગુણોને આત્મસાત કરાવ્યાં હતા.

શરદોત્સવની સભાનો લાભ લેવા માટે ગોંડલના નેક નામદાર મહારાજા શ્રી હિમાંશુસિંહજી ઓફ ગોંડલ, કુમાર સાહેબ જ્યોતિર્મયસિંહજી ઓફ હવા મહેલ તેમજ ગોંડલનાં ધારાસભ્ય શ્રીમતી ગીતાબા જયરાજસિંહજી જાડેજા, માન. શ્રી રમેશભાઈ ધડુક સહિત અનેક અગ્રગણ્ય મહાનુભાવો તેમજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતાં. શરદોત્સવે પાંચ આરતીના અર્ઘ્ય વડે ગુણાતીતાનંદ સ્વામીને દેશ વિદેશથી પધારેલ સેંકડો સંતો તેમજ હજારો હરિભક્તોએ વધાવ્યા. આ તકે વરિષ્ઠ સંતોએ મહંતસ્વામી મહારાજને સુંદર કલાત્મક હાર દ્વારા સન્માન્યા. સભાના અંતે મહંતસ્વામી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના મહિમાનું ગાન કરી આશીર્વચન પાઠવ્યા હતાં. સભા બાદ ઉપસ્થિત સૌને દૂધ પૌવાનો પ્રસાદ વહેંચાયો હતો.

# વેરાવળ પાલીકાએ યુધ્ધના ધોરણે બિસ્માર રસ્તાઓનું રિસરફેશીંગનુ કામ હાથ ધર્યુ

■ **દિવાળી પહેલા જોડીયા શહેરના તમામ બિસ્માર રસ્તાઓ રીપેરીંગ કરવાનું આયોજન કરાયેલ છે : દિક્ષિતાબેન અઢીયા**



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૬ઃ વેરાવળ-સોમનાથ જોડીયા શહેરના રસ્તાઓમાં ચોમાસા દરમ્યાન પડેલા ખાડાઓને રીસરફેશીંગ કરવાની કામગીરી પાલીકા દ્વારા શરૂ કરવામાં આવેલ છે. આગામી દિવાળીના દિવસો પહેલા રસ્તાઓનું રીપેરીંગ કામ પુર્ણ જોડીયા શહેરના તમામ કરી દેવાનું આયોજન પાલીકા દ્વારા કરવામાં આવ્યુ છે.

આ અંગે વેરાવળ પાટણ પાલીકાના બાંધકામ શાખાના ચેરમેન દિક્ષિતાબેન અઢિયાએ માહીતી આપતા જણાવેલ કે, દર વર્ષની જેમ આ વખતે પણ પાલીકાની ટીમ દ્વારા ચોમાસામાં જોડીયા શહેરના રસ્તાઓમાં ભારે વરસાદના કારણે ખાડા પડી જવાથી બિસ્માર બની ગયા છે. જેનો સર્વે કરાવીને તમામ બિસ્માર રસ્તાઓનું રીસરફેશીંગનું કામ કરવા કાર્યવાહી હાથ ધરેલ પરંતુ ચોમાસુ લંબાઈ જતા કામ અટકી ગયેલ જે આજથી શરૂ કરાવેલ છે. પાલીકાની ટીમ દ્વારા દિવાળીના તહેવાર પહેલા જ શહેરના મુખ્ય માર્ગ તેમજ બિસ્માર તમામ રસ્તાઓ પરના મોટા ખાડાઓ બોકસકટિંગ, બીએમ, સિલકોટ સહિત કામ કરાવી રીસરફેસીંગનું કામ પૂર્ણ કરી નાખવામાં આવશે.

# ગુજરાત સરકારનો નિર્ણય : પોરબંદરના નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને રૂ. ૧૩.૪૮ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરાશે

**પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી શ્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગુજરાત સરકારના મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલને કરેલી રજૂઆતને મળ્યો હકારાત્મક પ્રતિસાદ**

રાજકોટ.તા.૧૭

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલ દ્વારા તાજેતરમાં પોરબંદર જિલ્લાના નવીબંદર તેમજ ગીર સોમનાથ જિલ્લાના ધામલેજ અને હિરાકોટ મત્સ્ય ઉતરણ કેન્દ્રોને કુલ રૂ. ૫૪.૫૦ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરવાનો નિર્ણય કર્યો છે. પોરબંદર ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ શ્રી રમેશભાઈ ઓડેદરાએ કેન્દ્રીય રમત- ગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા ને નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને અદ્યતન કરવા અંગે પત્ર લખ્યો હતો. આ પત્રને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય રમત-ગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા એ ગુજરાતના મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલને નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને અપગ્રેડ કરવા અંગે રજૂઆત કરી હતી. આ રજૂઆતના ફળશ્રુતિ રૂપે ગુજરાત સરકાર દ્વારા પોરબંદર જિલ્લાના નવીબંદર મત્સ્ય ઉતરણ કેન્દ્રને



રૂ. ૧૩.૪૮ કરોડથી વધુના ખર્ચે અપગ્રેડ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ નિર્ણયના પરિણામે પોરબંદર જિલ્લાના અનેક માછીમારો અને નાની-મોટી બોટને વિવિધ લાભ થશે. જે બદલ પોરબંદર જિલ્લાના માછીમારો વતી પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા, પોરબંદરના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, તેમજ પોરબંદર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રમેશભાઈ ઓડેદરાએ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

# વિશ્વ શાંતિ કેન્દ્ર ખાતે ઉદઘાટન પૂર્વે નવકાર મંત્રનો જાપ

## ૨૧મી ઓક્ટોબરે અમેરિકન તબીબો દ્વારા ફ્રી હેલ્થ ચેક-અપ કેમ્પનું આયોજન



### ભારતના પ્રથમ ''વર્લ્ડ પીસ સેન્ટર''નું ઉદઘાટન નવેમ્બરમાં થશે.: આચાર્ય લોકેશજી

રાજકોટ,તા.૧૭

અહિંસા વિશ્વ ભારતી દ્વારા નવનિર્મિત ભારતના પ્રથમ સાત માળના ''વર્લ્ડ પીસ સેન્ટર''ના ઉદઘાટન પહેલા, નવકાર મંત્ર જાપ, સંતોના ઉપદેશ અને અમેરિકન ડોકટરો દ્વારા મફત આરોગ્ય તપાસ શિબિરનું આયોજન ૨૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સવારે ૯ વાગ્યાથી કરવામાં આવ્યું છે.

જૈન આચાર્ય અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપક આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, ''વર્લ્ડ પીસ સેન્ટર માનવતાની સેવા માટે સમર્પિત રહેશે. અહીંથી વિશ્વશાંતિ અને સદભાવના માટેના અનેક પ્રયાસો સાથે, ભારતીય સંસ્કૃતિ અને જૈન જીવનશૈલી પર આધારિત શાંતિ શિક્ષણ અને તાલીમ, ધ્યાન અને યોગ દ્વારા વ્યક્તિત્વ નિર્માણ, મહિલા સશક્તિકરણ, બાળકો અને યુવાનોનું સંસ્કૃતિ નિર્માણ, પર્યાવરણ સંરક્ષણ વગેરે પર આધારિત કાર્યક્રમો થશે.''

વિશ્વ વિખ્યાત ડો.નીતીન શાહે અમેરિકાના લોસ એન્જલસથી વાત કરતાં જણાવ્યું હતું કે, ''માનવતાની સેવા એ જ સૌથી મોટો ધર્મ છે. અમેરિકાથી આવેલી તબીબોની ટીમે આંખની તપાસ, પેઈન મેનેજમેન્ટ, એનિમિયા ટેસ્ટ, હૃદયરોગ, લોહીની તપાસ કર્યા બાદ ડો. દબાણ વગેરે, નિષ્ણાતો સાથે તબીબી પરામર્શ, દવાઓ અને સાધનો વગેરે પણ પ્રદાન કરશે.''

આ પ્રસંગે ડો.વિજય સૂદ, સુહાસિની સૂદ, ડો.નીતીન શાહ, કિન્નર ગાંધી, સરયુ વોરા, રિયા શાહ, ભગવતી ભાટીયા, ડો.ઉષા ગુપ્તા, ડો.નીતિ ધમીજા, ડો.મેકબેથ, રોહક વોરા, જાસ્મીન શર્મા સહિત તબીબોની વિશેષ ટીમ હાજર રહી,

# આખું અઠવાડિયું છૂટોછવાયો કમોસમી વરસાદ પડશે


## ઉત્તરપૂર્વીય દિશાના પવન ફૂંકાતા હળવાથી મધ્યમ વરસાદની આગાહી, તાપમાનમાં ૩ ડિગ્રી વધઘટ થશે

અમદાવાદઃ હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જેનું કારણ જણાવતા હવામાન વિભાગ દ્વારા નિર્દેશ કરવામાં આવ્યું છે કે, હાલમાં ગુજરાત રાજ્ય ઉપર આવતા પવનો ઉત્તરપૂર્વીય દિશા તરફથી આવી રહ્યા છે. એટલે કે નૈઋત્યનું ચોમાસુ પૂર્ણ થયા બાદ જે પવન પાછા ફરી રહ્યા છે, તેને કારણે ગુજરાતના વિવિધ ભાગો પર હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. આ ઉપરાંત આગામી પાંચ દિવસમાં રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર વધારો થશે. એટલે કે ત્રણ ડિગ્રી જેટલું મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધી શકે છે. ગુજરાત રાજ્ય સહિત



દેશભરમાંથી નૈઋત્યના ચોમાસાએ વિદાય લીધી છે, તેની સાથે જ ગુજરાત રાજ્યમાં છેલ્લા ચારથી પાંચ દિવસથી વિવિધ ભાગોમાં ક્યાંક હળવો તો ક્યાંક ભારે વરસાદ વરસી રહ્યો છે. હજુ પણ આગામી સાત દિવસ હવામાન વિભાગ દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ છૂટાછવાયા વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. જોકે, આ વરસાદ કમોસમી વરસાદ હશે અને હાલની પરિસ્થિતિ મુજબ રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહીંવત છે. આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં પણ ધીમેધીમે તાપમાનનો પારો વધી રહ્યો છે તથા આગામી પાંચ દિવસ દરમિયાન પણ રાજ્યભરના મોટાભાગના જિલ્લાઓનું મહત્તમ અને લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ જેટલું વધી શકે છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાક માટે સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાત તથા ઉત્તર ગુજરાતના પણ કેટલાક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ સાથે વીજળીના ચમકારાની પણ આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના કેટલાક ભાગોમાં ધમાકેદાર વરસાદ વરસ્યો હતો, જેમાં સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લામાં થયો હતો. જ્યાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૭.૫ મિલી મીટર વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત આગામી ૨૪થી ૩૬ કલાક અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં છૂટાછવાયા વાદળછાયું વાતાવરણ રહી શકે છે. જેને કારણે બફારાનો પણ અનુભવ થશે તથા છેલ્લા ૨૪ કલાક દરમિયાન અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૫.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૪.૩ ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને ૨૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો. આજે પણ અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૫થી ૩૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતાઓ છે.

# તહેવારોને લઈ ફૂડ વિભાગ સતર્કઃ રિલાયન્સ મોલ, માર્કેટ યાર્ડ, ગોલ્ડન સુપર માર્કેટ સહિતનાં સ્થળેથી તેલનાં નમૂના લીધા



રાજકોટ,તા.૧૭

આગામી દિવાળીનાં તહેવારોને લઈને મનપા તંત્ર સતર્ક બન્યું છે. અને ખાદ્ય પદાર્થોનું વેંચાણ કરતા વેપારીઓનું ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ફૂડ વિભાગ દ્વારા ગઈકાલે રિલાયન્સ મોલ, માર્કેટ યાર્ડ, ગોલ્ડન સુપર માર્કેટ સહિતના સ્થળેથી તેલના નમૂના લેવામાં આવ્યા હતા. આ તકે ભેળસેળ યુક્ત તેલથી કેન્સર, આંતરડા અને હૃદયનાં રોગ થવાની ચેતવણી આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ આપી હતી.

આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીના જણાવ્યા મુજબ આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને જુદી-જુદી ટીમો દ્વારા ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અંગે તપાસ કરાઈ રહી છે. જે અંતર્ગત યુનિ. રોડ પર ૧-જલારામ પ્લોટ કોર્નરમાં આવેલ ભાવેશ એજન્સીમાંથી રાણી ગોલ્ડ ફિલ્ટર અને ગુલાબ ગોલ્ડ ફિલ્ટર સીંગતેલના નમુના લેવાયા હતા. ૧૫૦ ફુટ રોડ પર રિલાયન્સ રીટેલર લી., રિલાયન્સ મોલમાંથી કોર્નડ્રોપ મકાઇ તેલ, ગુડલાઇફ સિંગતેલ, સીગા એકસ્ટ્રા વર્જીન ઓલીવ ઓઇલ અને રાઈસ બ્રાન્ડ સિંગતેલના પાઉચના સેમ્પલ લેવાયા હતા.ઉપરાંત પંચવટી સોસાયટી પાસે આવેલ ગોલ્ડન સુપર માર્કેટ-૩માંથી સપ્તશકિત તલ તેલ અને એટીલ સીસમ તેલનું સેમ્પલ લેવાયું હતું. કરણ પાર્ક, વિદ્યુતનગર મેઈન રોડ પર આવેલ દેવ જનરલ સ્ટોરમાંથી ઉમા પુત્ર તલ તેલના બે નમુના અને ન્યુટ્રેલા કાચી ઘાણી મસ્ટર્ડ તેલનો નમુનો લેવાયો હતો. નજીકમાં આવેલ ગીરીરાજ શોપીંગ સેન્ટરમાંથી અપ્પુ કાચી ઘાણી મસ્ટર્ડ ઓઈલનું સેમ્પલીંગ કરવામાં આવ્યું હતું. જ્યારે જુના માર્કેટ યાર્ડમાં આવેલ સ્વસ્તિ એન્ટરપ્રાઈઝ શોપમાંથી શ્રી ગીતા અલ્ટ્રા લાઈટ રીફાઈન્ડ કપાસીયા તેલનો નમુનો લેવાયો હતો. પેડક રોડ ગાંધી સ્મૃતિ-૧, શેરી નં. ૩માં આવેલ ચામુંડા પ્રોવિઝન સ્ટોરમાંથી પાયલ શુધ્ધ સિંગતેલ અને કાકા કપાસીયા તેલના બે નમુના લઈને તેને પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.હાલમાં તેલની કિંમતો ઘટાડવા તેમજ સ્વાદમાં વધારો કરવા માટે વિવિધ પ્રકારની ભેળસેળ કરવામાં આવતી હોય છે. આવા ભેળસેળ યુક્ત તેલવળી વસ્તુ ખાવાથી કેન્સર, આંતરડાનાં વિવિધ રોગો તેમજ હૃદયને લગતા રોગો થવાની પૂરતી સંભાવના રહે છે. જેના કારણે આ પ્રકારના તેલનું વેંચાણ અટકાવવા માટે ફૂડ વિભાગની જુદી-જુદી ટીમો દ્વારા ૧૫ જેટલા સેમ્પલ લઈ લેબમાં મોકલી આપવામાં આવ્યા છે. સામાન્ય રીતે નમુનાનો રિપોર્ટ ૪૫ દિવસમાં આવતો હોય છે.

# મોરબી રોડ પર રૂા.૧૩ કરોડની સરકારી જમીન પરથી દબાણો હટાવતું કલેકટર તંત્ર

## સર્વે નં.૯૧ પૈકીની ૩૨૭૧ ચો.મીટર જમીન પરથી ૮ રેતી-કપચીના ધંધાર્થીઓ ૩ ઝુંપડા, ઈંડાની લારી અને ચા-નાસ્તાની રેંકડીના દબાણોની સાફસુફી




રાજકોટ,તા.૧૭

રાજકોટ શહેર જીલ્લામાં અનઅધિકૃત રીતે સરકારી જમીનો ઉપર ખડકાયેલા દબાણોને હટાવવા માટે કલેકટર તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત આજે મોરબી રોડ ઉપર રેવન્યુ સર્વે નંબર ૯૧ પૈકીની ટીપી સ્કીમ નંબર ૧૨ ના એફપી નંબર ૫૫ ની ૩૨૭૧ ચોરસ મીટર જમીન પરથી દબાણોને હટાવવામાં આવેલ હતા.

રાજકોટ પ્રાંત-૧ અધિકારી ચાંદનીબેન પરમાર, રાજકોટ પૂર્વ વિભાગનાં મામલતદાર એસ.જે.ચાવડા, સર્કલ ઓફીસર સત્યમ સેરશીયા, નાયબ મામલતદાર જે.એચ.સાંબડ, તલાટી ધારાબેન વ્યાસ સહીતનાં અધિકારીઓ અને કર્મચારીઓનાં કાફલા દ્વારા પોલીસ બંદોબસ્તને સાથે રાખી આ ઓપરેશન ડીમોલીશન કરવામાં આવેલ હતું.

શહેરના પૂર્વ વિસ્તારમાં ગ્રીનલેન્ડ ચોકડી પાસે મોરબી હાઈવે પર ફોર્જ એન્ડ ફોર્જ યુનિટની બાજુની આ સરકારી જમીન પર દબાણકારોએ અન અધિકૃત રીતે કરેલા દબાણો જેમાં રેતી-કપચીનાં ધંધાર્થીઓના દબાણો ઉપરાંત ત્રણ રહેણાંકનાં ઝુંપડા તેમજ ઈંડાની લારી અને ચા-નાસ્તાની એક એક રેંકડીઓનાં દબાણો હટાવવામાં આવ્યા હતા.

આ દબાણકારોને અગાઉ પૂર્વ વિભાગનાં મામલતદાર એસ.જે.ચાવડા દ્વારા નોટીસો ફટકારવામાં આવી હતી. જેની મહેતલ પૂર્ણ થતાની સાથે જ આજે કલેકટર તંત્ર દ્વારા ઓપરેશન ડીમોલીશન હાથ ધરી રૂા.૧૩ કરોડની આ ૩૨૭૧ ચોરસ મીટર જમીન પરથી દબાણોની સાફસુફી કરી હતી.

## મનપામાં વધુ એક ઈજનેરની ખોટ

# રાજકોટ મ્યુ. કમિશ્નર દ્વારા ઈજનેર વાય કે ગોસ્વામીનું રાજીનામુ મંજૂર કરાયું



રાજકોટ,તા.૧૭

રાજકોટમાં સર્જાયેલા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ એક બાદ એક અધિકારી અને કર્મચારીઓ રાજીનામાં આપી રહ્યા છે. અત્યાર સુધીમાં મનપામાં કુલ ૧૫ જેટલા અધિકારી-કર્મચારીઓ દ્વારા રાજીનામાં કે સ્વૈચ્છીક નિવૃત્તિ માટેની અરજીઓ કરવામાં આવી છે. જેને લઈને સ્ટાફની સતત કમી સર્જાઈ રહી છે. ત્યારે મ્યુ. કમિશ્નરે મનપાનાં સિટી ઈજનેર વાય કે ગોસ્વામીનું રાજીનામું મંજુર કરતા વધુ એક ઈજનેરની ખોટ પડશે.

વાય. કે. ગોસ્વામીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૩૩ વર્ષ કરતા પણ વધુ સમયથી તેઓ મનપામાં ફરજ બજાવી રહ્યા છે અને હવે તેમની નોકરીમાં માત્ર દોઢેક વર્ષ જેટલો સમય જ બાકી છે. છતાં હાલ કેટલાક અંગત કારણોસર તેમણે રાજીનામુ આપ્યું છે. આટલા વર્ષો દરમિયાન રાજકોટ મનપામાં વિવિધ કામગીરી કરીને એવોર્ડ જીત્યા છે. અને અત્યાર સુધીનો અનુભવ ખૂબ સારો રહ્યો છે. રાજીનામુ મંજુર થયા બાદ પણ તે અન્ય કોઈ કામગીરી કરવાના નથી. વાય કે ગોસ્વામીનું રાજીનામું મંજુર કરવાની સાથે જ મ્યુ. કમિશ્નર દેવાંગ દેસાઈ દ્વારા તેમની કામગીરી અન્ય અધિકારીઓને સોંપવામાં આવી છે. જેમાં સિટી ઈજનેર પી. ડી. અઢીયા, આસી. ટાઉન પ્લાનર એમ. આર. શ્રીવાસ્તવ અને આસી. એન્જીનીયર (સિવિલ) પ્રદીપ આર. કંડોલિયાનો સમાવેશ થાય છે.

# રાજકોટ ગ્રામ્ય વિસ્તારોના ૧૦ હજારથી વધુ ઘરમા સોલાર સિસ્ટમ લગાવાઇ

## આ યોજનાથી રોજગારીની નવી તકો પણ નિર્માણ પામી: અધિક્ષક ઈજનેર એચ.ડી. વ્યાસ

રાજકોટ તા.૧૭

સૂરજના કિરણોથી ફક્ત વિટામિન ડી જ નથી મળતું, સૂરજના કિરણોથી વિટામીન એમ (મની) પણ મળી શકે છે. હિન્દુ સંસ્કૃતિમાં સૂરજને દેવતાનું સ્થાન અપાયું છે. પાણીની જેમ જ સૂરજ પણ જીવનનો આધાર છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાર્થક કરવા સૂર્ય કિરણો પણ માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. હાલના સમયે કોલસો વીજળીનો મુખ્ય આધાર છે. પણ, કોલસા દ્વારા થતું વીજ ઉત્પાદન મોંઘુ હોવાની સાથે પર્યાવરણને પણ ક્યાંકને ક્યાંક નુકસાન કરતું હોય છે, ત્યારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં ગ્રીન અને ક્લીન એનર્જીની પહેલ કરી દેશમાં પુનઃ પ્રાપ્ત ઉર્જાનો વ્યાપ વધારવા અને પર્યાવરણને અનુકૂળ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજનાની ફેબ્રુઆરી ૨૦૨૪મા જાહેરાત કરી હતી. આ યોજનાથી વીજ ગ્રાહકો હવે વીજ ઉત્પાદક બન્યા છે.

રાજકોટ જિલ્લાના ધોરાજીમાં રહેતા જસ્મીનભાઈ હિરપરાએ પોતાના ઘરે ત્રણ કિલોની સોલાર સિસ્ટમ લગાવી



છે. જેમાં તેમને અંદાજે રૂપિયા ૧.૬૦ લાખનો ખર્ચ થયો છે. મધ્યમ વર્ગીય પરિવાર માટે આટલો ખર્ચ વધુ પડતો હોય આ અંગે લાભાર્થી જસ્મીનભાઈએ હર્ષ સાથે કહ્યું કે, "પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના કાર્યરત ન હોત તો મારા ઘરે આજે સોલાર સિસ્ટમ લાગી ન હોત, કેન્દ્ર સરકારની આ યોજનાથી અને પીજીવીસીએલ વિભાગના કર્મચારીઓના સહયોગથી મને રૂ.૭૮ હજારની માતબર રકમની સબસીડી મળી છે જે કુલ ખર્ચના ૫૦ ટકા જેટલી છે. લાભાર્થી એ વધુમાં જણાવ્યું હતું કે, "સોલાર લગાવ્યા બાદ મારા ઘરનું વીજબીલ શૂન્ય થયું, વીજળીનો ખર્ચ બચ્યો અને યુનિટ જમા થાય છે, સોલાર લગાવવાથી પર્યાવરણને પણ કોઈ નુકસાન થતું નથી". યોજનાનો લાભ આપવા બદલ લાભાર્થી જસ્મીનભાઈએ સરકારશ્રી તેમજ પીજીવીસીએલનો આભાર વ્યક્ત કર્યો હતો.

પીજીવીસીએલ રાજકોટ ગ્રામ્યના અધિક્ષક ઈજનેર શ્રી એચ.ડી.વ્યાસે જણાવ્યું હતું કે, "પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના ઉર્જા ક્ષેત્રની ખૂબ જ મહત્વની યોજના છે, આ યોજનાના ઘણા બધા ફાયદા છે, અમારા ગ્રાહકો હવે જાતે વીજળી ઉત્પન્ન કરતા થયા છે, ગ્રાહકો વિચારીને જરૂરિયાત મુજબ વીજળીનો ઉપયોગ કરે છે, ગ્રાહકો વિચારતા થયા છે કે યુનિટના વધુ વપરાશને બદલે યુનિટની બચત થાય જેથી કંપની દ્વારા વળતર મળી રહે".

અધિક્ષકશ્રીએ વધુમાં કહ્યું કે, પીજીવીસીએલ રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરીમાં અત્યાર સુધીમાં ૧૪ હજાર સોલાર રૂફટોપ માટે અરજી મળી છે. જે પૈકી ૧૦,૫૭૦ ઘરમાં સિસ્ટમ લગાવવામાં આવી જેમા ૪૭ મેગાવોટ જેટલી સોલાર ઉત્પાદનની ક્ષમતા છે, સરકારની આ યોજનાથી રોજગારીમાં નવી તકો નિર્માણ પામી છે, રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ૨૭૯ જેટલી એજન્સી સોલાર રૂફટોપ ઈન્સ્ટોલ કરવા માટે કામ કરે છે, આ એજન્સીઓમાં જોડાયેલા કર્મચારીઓને રોજગારી મળે છે".

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ સૂર્યઘર મફત વિજળી યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા પ્રથમ બે કિલો વોટ સુધી પ્રતિ કિલોવોટ રૂ.૩૦ હજાર સુધીની સબસીડી અને બે કિલોથી ૩ કિલોમા રૂ.૧૮ હજાર સુધીની સબસીડી મળે છે. આમ, જો કોઈ લાભાર્થી ત્રણ કિલોની સિસ્ટમ ફીટ કરાવે તો તેમને રૂ. ૭૮ હજાર રકમની સબસીડી રૂપે સહાય મળે છે. ત્યારે આ યોજના હાલ અનેક પરિવારો માટે લાભદાયક બની રહી છે.

### ધારાસભા–લોકસભામાં પરાજયનો બદલો લેવા ભાજપ તૈયાર

# "વાવ" ધારાસભા બેઠક પેટાચૂંટણી ત્રિપાંખીયો જંગ જામશે

## ગેનીબેન ઠાકોરે ખાલી પડેલી બેઠક પર ભાજપ–કોંગ્રેસ બન્નેમાં ત્રણ ત્રણ દાવેદાર આમ આદમી પાર્ટીએ પણ પેટાચૂંટણી લડવા જાહેરાત કરી

રાજકોટ,તા.૧૭

મહારાષ્ટ્ર અને ઝારખંડની જાહેર થયેલી ધારાસભા ચૂંટણી સાથે દેશની બે લોકસભા અને ૪૮ ધારાસભા બેઠકોની જીતતા આ બેઠક ખાલી કરી છે તેના પર પેટા ચૂંટણીમાં યોજાશે અને ફરી એક વખત આ બેઠક પર ત્રીપાંખીયો જંગ સર્જાય તેવી ધારણા છે.

૨૦૨૨ની ધારાસભા ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરે આ બેઠક જીતી હતી તેઓએ તેમને પરાજીત કરવાનાં ભાજપના પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા પણ ભાજપ હવે બદલો લેવા માંગે છે. તો આમ આદમી પાર્ટી પણ જંગમા ઝુકાવશે ૨૦૨૨ થી ૧૫૬૦૦ મતોથી ગેનીબેને આ બેઠક જીતી હતી. પણ લોકસભા ચૂંટણીમાં ભાજપે વાવ વિધાનસભા બેઠકમાં સરસાઈ મેળવી હતી. ખાસ કરીને ભાજપ હવે તે સરસાઈ પર આગળ વધવા માંગે છે આ બેઠક ભાજપ ઉપરાંત બનાસકાંઠા ભાજપનાં દિગ્ગજ નેતા અને





વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ પણ આંચકો હતો તેઓએ લોકસભા ચૂંટણીમાં પણ પોતાના અધ્યક્ષપદની ગરીબાની ચિંતા કર્યા વગર ભાજપના ચૂંટણી પ્રચારમાં જોડાયા હતા. છતાં ગેનીબેન ઠાકોરે બનાસકાંઠા લોકસભા બેઠક જીતી હતી સતત ત્રીજી વખત તમામ ૨૬ બેઠકો જીતવાના ભાજપનાં આયોજનમાં પંચર પાડી દીધુ હતું.

આ બેઠકમાં હવે તા.૧૩ નવે. મતદાન પણ કોંગ્રેસમાંથી ગેનીબેનની નજીક ગણાતા ગુલાબસિંઘ રાજપુત મુખ્ય દાવેદાર છે.તો ઠાકરથી રબારી અને કે.પી.ગઢવી પણ ચૂંટણી લડવા માંગે છે. ત્રણેય ગેનીબેનની નજીક છે તેથી કોંગ્રેસ માટે પસંદગી મુજબ હશે તો સ્વરૂપજી ઠાકોર જ ગત ચૂંટણીમાં ગેનીબેન સામે હાર્યા હતા. તે ઉપરાંત ગજેન્દ્રસિંહ રાણા અને મુકેશ ઠાકોર છે.ભાજપે ગેનીબેન ઠાકોર સામે ચૌધરી ઉમેદવાર રેખાબેનને લોકસભામાં ઉતારવાની ભુલ કરી અને ઠાકોર સમાજે ગેનીબેનને વિજેતા બનાવ્યા હતા હવે ગેનીબેનની પેટર્નથી ઠાકોર મતદારો ઉમેદવાર પર જશે.

આમ ગુજરાતની એકમાત્ર બેઠક પર હવે ફરી ભાજપ-કોંગ્રેસની લડાઇમાં આમ આદમી પાર્ટીએ ઉમેદવાર ઉતારવાની જાહેરાત કરી છે અને તેથી કોંગ્રેસ માટે મજબુત થશે.

રાજકોટ ભાજપે વાવ બેઠક પર પક્ષના પ્રભારી તરીકે મહેમદાબાદનાં ધારાસભ્ય અને પુર્વ મંત્રી અર્જુનસિંહ ચૌહાણની નિયુકિત કરી છે પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલે આજે આ જાહેરાત કરી હતી કોંગ્રેસ તરફથી ગેનીબેન ઠાકોર જ મોરચો સંભાળશે.

# શરાબ પ્રેમીઓને આંચકો પરમિટ-રીન્યુઅલ ચાર્જમાં તોતીંગ વધારો ઝીંકાતા દારૂ મોંઘો થશે



અમદાવાદ, તા.૧૭

ગાંધીના ગુજરાતમાં એમ તો દારૂબંધી છે, છતાં પણ ગુજરાતમાં દારૂનું ધૂમ વેચાણ થાય છે. ભલે રાજ્યમાં દારૂબંધી હોય, પણ ગુજરાતમાં પરમિટ લઈને તો દારૂ પીવામાં આવે જ છે. પરમિટ સાથે તો દારૂ વેચાય જ છે, પણ ગેરકાયદે દારૂ પણ ખૂબ જ વેચાય છે.હવે ગુજરાતીઓ માટે પરમિટનો દારૂ ખરીદવો મોંઘો થઈ જશે.

લિકરની પરમિટ કઢાવવાના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.લિકરની પરમિટ કઢાવવાના ભાવમાં સીધો ૧૫ હજાર રૂપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે. સાથે જ લિકર પરમિટને રિન્યૂ કરવવાના ભાવમાં પણ તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. અગાઉથી લિકર પરમિશન માટે કરેલી અરજી કરનારને પણ હવે વધારો ચૂકવવો પડશે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં દાયકાઓથી દારૂ પર પ્રતિબંધ છે, દારૂ પીવાથી લઈને દારૂનું ઉત્પાદન, સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ છે. પણ વિદેશથી આવતા પ્રવાસીઓથી લઈને મેડિકલ કારણોસર કેટલાક લોકોને પરમિટ કાઢીને દારૂ પીવાની છૂટ આપવામાં આવે છે.

દારૂની પરમિટ માટે સિવિલ હોસ્પિટલમાંથી પરમિશન લેવાની હોય છે અને તેના માટેનો ચાર્જ પણ લેવામાં આવે છે. જેમાં અત્યાર સુધી નવી પરમિટ માટે ૨૦ હજાર રૂપિયા જેટલો ચાર્જ લેવામાં આવતો હતો.જેમાં હવે ૧૫ હજાર રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાતા નવી પરમિટ માટે હવે ૩૫ હજાર રૂપિયા ચુકવવા પડશે. સાથે જ જૂની પરમિટ રિન્યુ માટે કરાવવા માટે ૧૪ હજાર રૂપિયા સુધીનો ચાર્જ લેવામાં આવતો હતો. જેમાં પણ ભાવ વધારવામાં આવ્યા છે.

## ૬ પ્રકારની મળે છે પરમિટ

| |
|---|
| હેલ્થ પરમિટ - રાજ્યના વતની, રાજ્ય બહારના પણ ગુજરાતમાં રહેતા વ્યક્તિ અને સંરક્ષણ દળના નિવૃત્ત સભ્યોને આપવામાં આવે છે. |
| હંગામી રહેવાસીને કામચલાઉ પરમિટ આપવામાં આવે છે. |
| ટુરિસ્ટ પરમિટ - એક મહિના માટે પરમિટ આપવામાં આવે છે |
| મુલાકાતી વ્યક્તિ - રાજ્ય બહારની વ્યક્તિને સાત દિવસ માટે |
| ગ્રુપ પરમિટ - વિદેશી નાગરિકને સંમેલન કે કોન્ફરન્સ માટે |
| તત્કાલ પરમિટ - મેડિકલ હેતુ માટે જરૂરિયાત હોય તેવા વ્યક્તિને |

## પરમિટમાં કોને કેટલો દારૂ મળે

| |
|---|
| ૪૦ થી ૫૦ વર્ષની વયની વ્યક્તિને - મહિને ત્રણ યુનિટ |
| ૫૦ થી ૬૫ વર્ષની વયની વ્યક્તિને - મહિને ચાર યુનિટ |
| ૬૫ વર્ષ કરતાં વધુ વયની વ્યક્તિને - મહિને પાંચ યુનિટ |

### રાજ્યમાં સળંગ ત્રીજા વર્ષે એવરેજ કરતાં વધુ પાણી વરસ્યું

# ચોમાસાની વિદાયઃ ગુજરાતમાં સરેરાશ કરતા ૧૪૦ ટકા વરસાદ

### સૌરાષ્ટ્રમાં ૧૫૨ ટકા ૨૫૧માંથી ૧૪૧ તાલુકામાં ૪૦ ઇંચ કે તેથી વધુ વરસાદ પડ્યો



અમદાવાદ, તા.૧૭

એકથી વધુ વખત વરસાદના લાંબા રાઉન્ડ બાદ હવે સમગ્ર ગુજરાતમાંથી નૈઋત્ય ચોમાસાએ વિદાય લઇ લીધી છે. રાજ્યમાં ચોમાસાનો કુલ વરસાદ ૧૪૦ ટકા નોંધાયો છે.હવામાન વિભાગ દ્વારા એમ જણાવવામાં આવ્યું છે કે ચોમાસામાં રાજ્યમાં સૌથી વધુ વરસાદ કચ્છ ઝોનમાં નોંધાયો હતો. ઓગસ્ટ મહિનામાં સૌથી વધુ પાણી વરસ્યું હતું. ગત સપ્તાહમાં વેલમાર્ક લો-પ્રેસર સિસ્ટમ બની હતી અને તેને કારણે ચોમાસાની વિદાય વિલંબમાં પડી હતી. પશ્ચિમ તરફ ગતિ કરે છે અને હવે પશ્ચિમ ભણી ગતિ સાથે ઓમાન તરફ જવાની સંભાવના છે જે તબક્કાવાર નબળું પડી જશે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે ગુજરાત સહિત સમગ્ર દેશમાંથી ચોમાસાની વિદાય થઇ ગઇ છે. જો કે રાજ્યના વલસાડ સહિત દક્ષિણના જીલ્લાઓમાં હજુ વરસાદ થઇ શકે છે.સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના રીપોર્ટ પ્રમાણે ચાલુ વર્ષે ગુજરાતમાં ચોમાસાનો કુલ વરસાદ ૧૪૦.૬૦ ટકા થયો છે. ગત વર્ષે ૨૦૨૩માં સરેરાશનો ૧૦૮ ટકા, ૨૦૨૨માં ૧૨૨ ટકા વરસ્યો હતો. આમ સળંગ ત્રીજા વર્ષે સરેરાશથી વધુ વરસાદ નોંધાયો છે. ૨૦૨૧માં સરેરાશ કરતાં ૯૮.૪૮ વરસાદ પડ્યો હતો.

ગુજરાતમાં ઝોન વાઇઝ વરસાદ પર નજર કરવામાં આવે તો કચ્છ ઝોનમાં સૌથી વધુ ૧૮૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૫૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૪૬ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૩૪ ટકા તથા ઉત્તર ગુજરાતમાં ૧૧૬ ટકા પાણી વરસ્યું છે.રાજ્યમાં કુલ ૧૨૪૧ મીમી વરસાદ થયો હતો. તેમાંથી ઓગસ્ટના અંતમાં ડીપ ડીપ્રેસન સિસ્ટમથી ભારે વરસાદ થતાં જળબંબાકાર સર્જાયું હતું. જુન મહિનામાં સરેરાશ ૧૧૫ મીમી, જુલાઇમાં ૪૨૪ મીમી તથા સપ્ટેમ્બરમાં ૨૩૧ મીમી વરસાદ થયો હતો.

જીલ્લા-તાલુકા વાઇઝ આંકડા ચકાસવામાં આવે તો ૨૫૧માંથી ૧૪૨ તાલુકામાં ૧૦૦ મીમી (૪૦ ઇંચ)થી વધુ વરસાદ થયો હતો. ૧૦૨ તાલુકામાં ૨૦ થી ૪૦ ઇંચ તથા સાત તાલુકામાં ૧૦ થી ૨૦ ઇંચ વરસાદ થયો છે.

ચોમાસાની વિદાય વચ્ચે પણ રાજ્યના કેટલાક ભાગોમાં હળવા-ભારે વરસાદનો સિલસિલો જારી જ રહ્યો હતો. આજે બુધવારે વલસાડમાં ૩૦ થી ૪૦ કિ.મી.ના તોફાની પવન તથા વિજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની સંભાવના છે. આ સિવાય દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, તાપી, રાજકોટ, જામનગર, જુનાગઢ, પોરબંદર તથા કચ્છમાં છુટોછવાયો વરસાદ પડી શકે છે. ડાંગ, નવસારી તથા વલસાડમાં ૨૨ ઓક્ટોબર સુધી હળવો વરસાદ થઇ શકે છે.




# ચુનારાવાડમાં લુખ્ખા તત્વોની રંજાડથી વેપારીઓ હેરાન-પરેશાન

## આવારા, તોફાની તત્વો સામે પગલા લેવા પોલીસ કમિશ્નર પાસે વેપારીઓ દોડી આવ્યા આવેદન પત્ર આપી રજુઆત કરીઃ રાત્રે ધોકા–પાઈપથી તોડફોડ દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ

રાજકોટ તા.૧૭

રાજકોટમાં થોરાળા પોલીસ સ્ટેશનની હદ હેઠળના ચુનારાવાડમાં છેલ્લા ઘણા સમયથી પોતાની મોજથી પડયા પાથર્યા રહેતા આવારા તત્વોએ હવે વેપારીઓને હેરાન પરેશાન કરવાનું શરૂ કર્યું છે. ગત રાત્રે અમુક લુખ્ખા તત્વોએ ધોકા, પાઈપ, હથીયારો સાથે તોડફોડ શરૂ કરતા વેપારીઓએ ટપોટપ શટરો પાડી દેતા સમગ્ર ચોકમાં સન્નાટો છવાયો હતો. આ અંગે ચુનારાવાડ વેપારી એસો.ના પ્રમુખે પોલીસ કમિશ્નરને આવેદનપત્ર પાઠવી વેપારીઓને સુરક્ષા પુરી પાડવા લેખીત રજુઆત કરી છે.

ચુનારાવાડ વેપારી એસો.એ પોલીસ કમિશ્નરને પાઠવેલા આવેદનપત્રમાં ગત રાત્રે ચુનારાવડમાં સરવૈયા સેલ્સ એજન્સીમાં આવારા તત્વો મોહિત ભરત સોલંકી, દેવ જીમ્મી ચાવડા અને અજાણ્યા શખ્સોએ ધોકા પાઈપ જેવા હથીયારોથી દુકાનમાં તોડફોડ કરતા વેપારીઓ અને આ વિસ્તારના રહીશો એકઠા થા હતા. ભયનો માહોલ સર્જાતા અન્ય દુકાનોના શટરો પડી ગયા હતા. પોલીસે જાણ કરાતા આવારા તત્વો નાસી ગયા હતા. ઈજાગ્રસ્ત વેપારીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે માત્ર અરજી લઈ સંતોષ માન્યો હતો.વેપારીઓના વધુમાં જણાવ્યા પ્રમાણે આ વિસ્તારમાં લુખ્ખાઓ છાસવારે લુખ્ખાગીરી આચરી વેપારીઓ પાસેથી ચીજવસ્તુ લઈ જઈ પૈસા આપતા નથી જો વેપારી પૈસા માંગે તો મારામારી અને તોડફોડ શરૂ કરી ધમાલ મચાવી રહ્યા છે. ગત રાત્રે વેપારી પાસેથી લુખ્ખા તત્વો ચીજવસ્તુ ખરીદતા પૈસા માંગતા હુમલો કરતા વેપારીને ઈજા થઈ હતી. આ સમયે વેપારીઓ એકઠા થતા ત્રણેય શખ્સો એકટીવા પર નાસી ગયા હતા. આવા લુખ્ખા તત્વો સામે કડક કાર્યવાહી કરવા સાથે પોલીસનું પેટ્રોલીંગ ફાળવવા માંગણી કરી છે.

**થોરાળા પોલીસ સ્ટેશનની હદ હેઠળના ચુનારાવાડમાં છેલ્લા ઘણા સમયથી પોતાની મોજથી પડયા પાથર્યા રહેતા આવારા તત્વોએ હવે વેપારીઓને હેરાન પરેશાન કરવાનું શરૂ કર્યું**

**ચુનારાવાડ વેપારી એસો.ના પ્રમુખે પોલીસ કમિશ્નરને આવેદનપત્ર પાઠવી વેપારીઓને સુરક્ષા પુરી પાડવા લેખીત રજુઆત**

**કાર્યવાહીના બણગાં ફુંકતી પોલીસ આવા લુખ્ખાઓ સામે નતમસ્તક!!ઃ જો તાત્કાલીક ધોરણે કાર્યવાહી હાથ નહીં ધરાય તો ચુનારાવાડના વેપારીઓને હીજરત કરવી પડશે તેવી સ્થિતી**

# હવે દેશમાં અંધા કાનૂન નહીં, ન્યાયની દેવીની આંખો પરથી પટ્ટી હટાવાઈ અને હાથમાં તલવારના બદલે બંધારણ

સામાન્ય રીતે આપણે કોર્ટ, ફિલ્મો અને વકીલોની ચેમ્બર્સમાં આંખો પર પટ્ટી બાંધેલી ન્યાયની દેવીની મૂર્તિ જોઈ હશે. પરંતુ હવે ન્યાયની દેવી ખુલ્લી આંખે જોવા મળી શકે છે. મળતા અહેવાલો મુજબ હવે ન્યાયની દેવીના આંખ પરથી પટ્ટી હટાવાની સાથે તેમના હાથમાં તલવારની જગ્યાએ બંધારણ મુકવામાં આવી શકે છે. ન્યાયની દેવીની આંખો પરથી પટ્ટી હટ્યા બાદ અને તેમના હાથમાં બંધારણ જોવા મળશે ત્યારે દેશના ન્યાયમાં એક નવી જ ઉર્જા જોવા મળશે. આ પહેલા અંગ્રેજોના કાળથી ચાલી રહેલા કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા, ત્યારથી જ ભારતીય ન્યાયપાલિકાએ બ્રિટિશ કાળને પાછળ છોડતા નવા રંગરૂપ અપનાવવાનું શરૂ કરી દીધું છે. આ મહત્ત્વનો નિર્ણય કરાયા બાદ હવે વકીલોના ચેમ્બરમાં જોવા મળતી 'ન્યાયની દેવી'ની મૂર્તિ બદલાઈ જશે.




મીડિયા અહેવાલો મુજબ આ પહેલ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ ડીવાય ચંદ્રચૂડ દ્વારા હાથ ધરવામાં આવી છે. આવું જ સ્ટેચ્યૂ સુપ્રીમ કોર્ટમાં જજોની લાઈબ્રેરીમાં લગાવવામાં આવે તેવા નિર્દેશ અપાયા છે. આ નિર્ણયથી દેશની પ્રજાને એવો સંદેશ મળશે કે, હવે કાયદો આંધળો નથી.₹ ચંદ્રચૂડના નિર્દેશો પર ન્યાયની દેવીની મૂર્તિને નવી રીતે તૈયાર કરાઈ છે. સૌથી પહેલા એક મોટી મૂર્તિ જજોની લાયબ્રેરીમાં સ્થાપિત કરાઈ છે. પહેલા જે ન્યાયની દેવીની મૂર્તિ રહેતી હતી તેમાં તેમની બંને આંખો પર પટ્ટી બાંધેલી હતી. સાથે જ એક હાથમાં ત્રાજવું જ્યારે બીજામાં સજા આપવા માટે પ્રતીક તલવાર રહેતી હતી. જોકે, હવે ન્યાયની દેવીની મૂર્તિના હાથમાં તલવારની જગ્યા બંધારણે લઈ લીધી છે. મૂર્તિના બીજા હાથમાં ત્રાજવું પહેલાની જેમ જ છે.

## ગાંધીનગર ખાતે વિકાસ સપ્તાહમાં ૨૧ જિલ્લાનાં ૪૯૦૦ લાભાર્થીઓને લોન-સહાયનું વિતરણ

### સમાજના છેવાડા પર રહેલા વંચિતોનો વિકાસ એ જ સરકારની પ્રાથમિકતા મંત્રી ભાનુબેન બાબરીયા

ગાંધીનગર,તા.૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ જાહેરજીવનમાં પુરા કરેલા ૨૩ વર્ષના ઉપલક્ષમાં રાજયભરમાં યોજાઇ રહેલા વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત આજે ગાંધીનગરમાં, જી.એન.એલ.યુ., કોબા ખાતે, ગુજરાત સરકારની યોજનાઓના લાભાર્થીઓને લોન /સહાય વિતરણ માટે, ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના ૨૧ જિલ્લાઓનો સમારોહ યોજાયો હતો. ₹આ સમારોહના અધ્યક્ષ પદેથી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ સમાજમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કામ કઈ રીતે થઈ શકે તે આપણને શીખવાડ્યું છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જ ગરીબોનું સશક્તિકરણ કરવાનું તેમણે શરૂ કર્યું હતું. વંચિતોને વિકાસની રાહમાં કઈ રીતે જોડી શકાય એ તેમણે સૌને શિખવાડ્યું છે. અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યકક્ષામંત્રી ભીખુસિંહજી પરમાર અતિથિ વિશેષપદેથી જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે વંચિતોના વિકાસને પ્રાધાન્ય આપ્યું છે.

જે નરેન્દ્રભાઇના વિઝનને કારણે શક્ય બન્યું છે. એક જ પ્લેટફોર્મ અને એક જ જગ્યાએથી ૨૧ જિલ્લાના લાભાર્થીઓને લાભો આપવામાં આવ્યા છે, આજે ઓનલાઈન ડ્રોથી જ લાભાર્થીઓની પસંદગી કરી અને સૌની નજર સમક્ષ લાભાર્થીના ખાતામાં ડીબીટી મારફત નાણાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. કુલ મળીને ૪,૯૦૦ લાભાર્થીઓને એક જ જગ્યાએથી રૂપિયા ૬૮ કરોડથી વધુની લોન/ સહાયના લાભોનું વિતરણ કરાયું હતું. તેમજ અનુસુચિત જાતી કલ્યાણ પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓની લાભાર્થીઓને માહિતી મળી રહે તે માટે સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા જેનો લાભાર્થીઓએ ઉમળકા ભેર લાભ લીધો હતો.

આ પ્રસંગે કાર્યક્રમની પૂર્ણાહિતિ પહેલા સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા નિગમોના લાભાર્થીઓને, પેસેન્જર વાન અને ઓટો રીક્ષા જેવા વાહનોને લીલી ઝંડી આપી ફ્લેગ માર્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ધારાસભ્ય રીટાબેન પટેલ, ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા, પૂર્વ મેયર હિતેશ મકવાણા, અન્ય પુર્વ ધારાસભ્યઓ, મહાનુભાવો તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ નિયામક, નિગમોના મેનેજીંગ ડિરેક્ટર, અધિકારીઓ, તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



**અસામાજિક તત્વો દ્વારા વિમાનમાં બોમ્બની ધમકીનો દોર યથાવત**

## મુંબઈ - દિલ્હીની ઈન્ડીગોની ફ્લાઈટમાં બોમ્બની ધમકીને પગલે અમદાવાદમાં ઈમર્જન્સી લેન્ડીંગ




### જોકે તપાસ બાદ વિમાનમાં કોઈ શંકાસ્પદ વસ્તુ ન મળી

અમદાવાદ,તા.૧૭

છેલ્લા કેટલાય સમયથી અસામાજિક તત્વો દ્વારા વિમાનમાં બોમ્બ હોવાની ધમકી આપવાનો દોર શરૂ થયો છે. મોટાભાગના કિસ્સામાં આ ધમકીભર્યા મેસેજ બોગસ હોવાનું બહાર આવ્યું છે.

આવા ધમકીભર્યા મેસેજના કારણે લોકોના જીવ ઉંચા થઈ જતા હોય છે અને વહીવટી તંત્ર ધંધે લાગી જતું હોય છે ત્યારે મુંબઈથી દિલ્હી જતી ઈન્ડીગોની એક ફ્લાઈટને ગઈકાલે રાત્રે વિમાનમાં બોમ્બ હોવાનો મેસેજ મળતા પાયલોટે મધરાતે અમદાવાદ એરપોર્ટ પર વિમાનનું ઈમર્જન્સી લેન્ડીંગ કરવું પડ્યું હતું.મુંબઈ એટીસીએ વિમાનમાં બોમ્બ હોવાના મેસેજ મામલે પાયલોટને એલર્ટ કરતા પાઈલોટે અમદાવાદ એરપોર્ટ પર વિમાનના ઈમર્જન્સી લેન્ડીંગનો નિર્ણય લીધો હતો. આ મેસેજથી વિમાનમાં પ્રવાસ કરી રહેલા યાત્રીઓ, ક્રુ મેમ્બર્સના જીવ પડીકે બંધાઈ ગયા હતા.જોકે તપાસ બાદ વિમાનમાં કોઈ શંકાસ્પદ વસ્તુ નહોતી મળી આવી. બીજા દિવસે એટલે કે આજે સવારે ૮ વાગ્યે વિમાન દિલ્હી જવા રવાના થયું હતું.

## ખરાબ પોઝિશનમાં બેસવાની આદતો, કસરતનો અભાવ અને તણાવને કારણે પીઠ દર્દની સમસ્યાઓ વધી

# કરોડરજ્જુની સમસ્યાવાળા ૭૦ ટકા દર્દીઓ 30-૫૦ વર્ષનાં

અમદાવાદ : સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં સરકારી સ્પાઇન ઈન્સ્ટિટ્યૂટ અને ફિઝિયોથેરાપી સ્પાઇન સર્જનો દરરોજ 300 દર્દીઓની જુએ છે તેમાથી મોટાભાગનાં લોકો ૨૦ થી 30 વયનાં હોય છે ડો. પીયૂષ મિત્તલે જણાવ્યું હતું કે અડધાથી વધુ દર્દીઓ પીઠના દુખાવા માટે ઉપાયો માટે આવે છે.

મુખ્યત્વે પીઠનો દુખાવો-અને બીમારીના મૂળ તેમની જીવનશૈલીમાં છુપાયેલાં હોય છે. કેટલાક લોકોને ડ્રાઈવિંગને કારણે દુખાવો થાય છે, તો કેટલાક લોકોને બેકપેક ને કારણે પીઠનો દુખાવો થાય છે. જ્યારે કેટલાક લોકોને તેનાં કાર્યસ્થળ પર સરખી રીતે ન બેસતાં અને ઘણી કલાકો સુધી બેસવાથી પણ પીઠ દુખાવો થાય છે.

ડોકટરે કહ્યું કે આજે અ ો પી ડ ી મ ાં





લગભગ ૭0 ટકા દર્દીઓ 30 થી ૫0 વર્ષની વય જૂથનાં છે, અને લગભગ ૨૫ ટકા વરિષ્ઠ નાગરિકો આવે છે, અને બાકીના નાના વય જૂથનાં હોય છે. શહેર-આધારિત નિષ્ણાતોએ પુરાવા-આધારિત સારવાર અને જીવનશૈલી બદલવા પર ભાર મૂક્યો હતો. તેઓએ કહ્યું કે ઘણીવાર એવું જોવામાં આવે છે કે યુવાનો સોશિયલ મીડિયાના વિડિયોના આધારે વ્યાયામ કરે છે અને તેમની પીઠને નુકશાન પહોંચાડે છે. તાજેતરનાં વર્ષોમાં પીઠનો દુખાવો મહિલાઓમાં પણ વધુ જોવા મળ્યો છે. એપોલો હોસ્પિટલ્સના સ્પાઇન સર્જન ડો. પ્રવિણ સક્સેનાએ જણાવ્યું હતું કે એક દાયકા પહેલાંની સરખામણીમાં, જીવનશૈલી સંબંધિત કરોડરજ્જુની સમસ્યાઓમાં વધારો થયો છે. તેમણે કહ્યું કે ''લગભગ ૯0 ટકા સમસ્યાઓ જે આપણે નાની વયનાં લોકોમાં જોઈએ છીએ તે ખરાબ મુદ્રા, ખરાબ અર્ગનોમિક્સ અને તણાવને કારણે થાય છે. તેમણે જણાવ્યું કે લોકોએ નિયમિતપણે કસરત કરવી જોઈએ, નિયમિત વિરામ લેવો જોઈએ, તંદુરસ્ત આહાર લેવો જોઈએ અને કરોડરજ્જુના સ્વાસ્થ્યને સુનિશ્ચિત કરવા માટે સારી મુદ્રામાં બેસવાની આદત કેળવવી


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



## તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
**વોટ્સએપ** પર
**Hi લખીને મોકલો**
# 98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઇઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઇ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062